જમુબહેન ચૌધરી

# ઉજાસયાત્રા–૧



‘ઝાડનાં પારખાં ફળ પરથી’ શ્રેણી : ૨૦

લોકભારતી પ્રકાશન – સણોસરા

ઝાડનાં પારખાં ફળ પરથી : શ્રેણી : ૨૦

ઉજાસયાત્રા – ૧

– જમુબહેન ચૌધરી

લોકભારતી પ્રકાશન

સણોસરા – ૩૬૪ ૨૩૦ તા. શિહોર (જિ. ભાવનગર)

પ્રકાશક :

નિયામકશ્રી, લોકભારતી, સણોસરા.

આવૃત્તિ પહેલી : માર્ચ ૧૯૮૩

ઇ–બુક આવૃત્તિ : ૨૦૧૫–'૧૬
સંકલન : જુગલકિશોર વ્યાસ
૧૨, સત્યનારાયણ સોસાયટી – ૧, અમદાવાદ – ૫૧ / ફોન : ૯૪૨૮૮૦૨૪૮૨

## અનુક્રમ

ઉપહાર....................4

લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !....................5

જન્મ અને બાળપણ....................7

અન્નપૂર્ણાબહેન આવીને ભણાવવા લઈ ગયાં....................8

આશ્રમનું જીવનશિક્ષણ....................9

લોકભારતીમાં....................11

ક્ષેત્રીય કામગીરીના અનુભવો....................15

આદિવાસી ક્ષેત્ર અને કસોટીના પથ્થરો ઓળંગ્યા....................18

બીજા કેટલાક કસોટીભર્યા પ્રસંગો....................21

કુટુંબનિયોજન ક્ષેત્રની તાલીમમાં પ્રથમનંબરે !....................23

સને ૧૯૬૪ : ધરમપુરથી વ્યારા....................25


ગ્રામવિદ્યાપીઠની સ્થાપનાની કામગીરી...ને છેવટે એમ.એ. માટે –....................27

સૌરાષ્ટ્રમાં કામગીરીના વિવિધ અનુભવો....................29

મહિલા તાલીમ અધિકારી તરીકે....................31

તાલુકા વિકાસ અધિકારી તરીકે બઢતી....................33

## ઉપહાર



રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર-પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારાં-અજવાળાંમાં રસ્તો કાઢયો તે છે.

નાનાભાઈના સોમા જન્મદિવસના નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની પુનર્રચના સાથે સંકળાયેલાં કેટલાંક ભાઈઓ–બહેનોની આ અનુભવકથાઓ છે. આમાંનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત, શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલાં છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાંના ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં **सूत्रे मणिगणा इव** એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી; પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્ ગ્રંથોના માધ્યમથી સદગુણો ખીલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ અમીને શ્રી વિ.પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર. – **મનુભાઈ પંચોળી** (લોકભારતી-સણોસરા તા.૧૬-૩-૮૩)

## લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !



લોકભારતી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. લોકભારતી તો એક વિચાર છે. આ સંસ્થા લોકાભિમુખ–ગ્રામાભિમુખ કેળવણી–જગતનું સત્ય છે. અને એટલે જ એના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ કહેતા કે, “લોકભારતીના વિચારો જે સમજે અને જીવનમાં આચરે તેની છે આ લોકભારતી.” ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપર કરેલા પ્રયોગોમાંથી જે પ્રયોગો સફળ રહ્યા તેને સામાજિક સ્વરૂપ આપ્યું તેમ નાનાભાઈએ તેમની ત્રણે સંસ્થાઓમાં કરેલા શિક્ષણ–પ્રયોગોને પોતાના અભ્યાસ અને અનુભવથી ઘડીઘડીને જે પ્રયોગો સફળ થયા તેને સમાજ સમક્ષ તેના વ્યાપક અમલ માટે મૂક્યા. સ્વાભાવિક રીતે જ તેના વાહકો આ ત્રણે સંસ્થાના ઉત્સાહી અને સમર્પિત એવા વિદ્યાર્થીઓ રહ્યા છે.

નઈતાલીમનું, લોકભારતીત્વનું વિશ્વબજારમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને સાવ ખોખલી કરી મૂકે તે પહેલાં જાગી જવું બહુ જરૂરી છે. આના જ સંદર્ભે, લોકભારતીના કેટલાક વિશેષ સફળ થયેલા વિદ્યાર્થીઓનાં કાર્યો–અનુભવોની નોંધ “ઝાડનાં પારખાં ફળ પરથી” એ શીર્ષકથી લોકભારતીએ પ્રગટ કરેલી ૨૬ પુસ્તિકાઓમાં રજૂ થઈ છે, જેણે સમાજને જીવનલક્ષી શિક્ષણના ઉત્તમ દસ્તાવેજો પૂરા પાડ્યા છે. નઈતાલીમનો સંસ્કારાયેલો વિદ્યાર્થી શું શું કરી શકે છે તેની નક્કર વાતો તેમાં રજૂ થઈ છે. તેમાં બહુ સહજ રીતે લોકભારતીત્વ ઉજાગર થયું છે.

છપાઈને હજારો વાચકો સુધી પહોંચેલા આ બહુ મૂલ્યવાન અનુભવોને આધુનિક સમયમાં ઉપલબ્ધ એવી ઇન્ટરનેટ સુવિધાઓનો લાભ આપીને વિશ્વભરમાં પહોંચાડવાની વાત, લોકભારતી દ્વારા સન્માનિત અમારા પૂર્વ વિદ્યાર્થી અને ‘કોડિયું’ના સહતંત્રી **શ્રી જુગલકિશોરભાઈ** દ્વારા રજૂ થઈ,

એટલું જ નહીં પણ એ બધી જ પુસ્તિકાઓનું પ્રૂફરીડિંગકાર્ય સંભાળી લીધું સાથે સાથે ગ્રાફિકને લગતાં તથા પ્રકાશનનાં કાર્યોમાં મુંબઈના **શ્રી તુષાર મહેતા**ની કિંમતી મદદ લઈને તેમણે આ કાર્ય પાર પાડવાની તૈયારી બતાવી, ત્યારે સહજ રીતે જ એ વિચારને ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો.

ઇન્ટરનેટ પર ઈ–બુકરૂપે હજારો પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે ત્યારે એ ટૅકનોલૉજીને આ સફળ થયેલાં કાર્યો માટે પણ પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું. આના માટેના જરૂરી ભંડોળ સારુ ઇન્ટરનેટ પર એક નાનકડી અપીલ કરી તો તરત જ જે પ્રોત્સાહક પ્રવાહ વહ્યો તેમાં જરૂરી બજેટ કરતાં પણ વધુ મદદ હતી ! સર્વશ્રી ગોપાલભાઈ પારેખ (નવસારી), ચિરાગ પટેલ (યુએસએ), અશોક મોઢવાડિયા (જૂનાગઢ) તથા રમેશ પટેલ (કેલિફોર્નિયા)ના તત્કાલીન પ્રતિભાવોએ અમને પ્રોત્સાહિત કર્યા.

આમાંના ***શ્રી રમેશભાઈ પટેલ –'આકાશદીપ'*** ની મદદથી (કન્યા કેળવણીના આગ્રહી, તેમનાં સ્વ. માતુશ્રી કાશીબહેન ઝ. પટેલ તથા સાહિત્યપ્રેમી પત્ની શ્રીમતી  સવિતાબહેનના સૌજન્યે) **તથા *શ્રી ચિરાગભાઈ પટેલ*ની મદદથી** આ બધી પુસ્તિકાઓનું પ્રકાશન થશે. આ સૌ સહયોગીઓના આપણે ખૂબ આભારી છીએ.

આવનારા સમયમાં શિક્ષણજગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ પ્રકાશનોને વૈશ્વિક ગુજરાતી વાચકો સુધી નઈતાલીમના આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવો પહોંચાડવાનું અમારું કાર્ય સાર્થક થશે તેવી આશા સાથે –

**– અરુણભાઈ દવે. (મૅનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા.)**

## જન્મ અને બાળપણ

ગાભણી અને માદવ ખાડીના સંગમથી બનતી નદી તે મીંડોળા . ગાભણીને ઉત્તર કાંઠે, મઢી અને મદાવને દક્ષિણ કિનારે વસેલું સ્યાદલા ગામ તથા ગાભણીના દક્ષિણ અને મદાવના ઉત્તરે મીંઢોળના સંગમથી થતા ત્રિકોણમાં વસેલ મઢી ગામની “ચોધરા” નામની આદિવાસી વસ્તીનું ફળિયું તે “બેડીફળિયા” . આખી વસ્તી એક જ જાતિ. કહેવાય છે કે જ્યારે પાવાગઢ ઉપર મુસલમાનોએ ચઢાઈ કરી ત્યારે ત્યાંથી ભાગીને અમારા પૂર્વજો અહીં વસેલા.

બેડીફળિયામાં એક આદિવાસી ખેતમજૂર, ગરીબ ચૌધરી કુટુંબમાં મારો જન્મ થયો. અમે છ બહેનો; ભાઈ નથી. મોટી બહેનો મા-બાપ સાથે મજૂરીએ જાય. સાથે અમને નાની બહેનોને સાચવે તેથી ભણી શક્યાં નહીં. કુટુંબનો ધંધો માત્ર ખેતમજૂરી, તેથી મારો ઉછેર ખૂબ ગરીબાઈમાં થયો. મને યાદ છે, મારા નાના ઘરમાં માત્ર માટીનાં જ વાસણો હતાં. રાંધવા ખાવા માટે પણ તેનો જ ઉપયોગ થતો. દાળ-કઢી, પાણી પીવા માટે ડોબડું (ડોયા આકારનું હોય છે. એક છેડે ગોળ અને તેનો ડાંડો લાંબો. તે સુકાઈ જાય, એટલે જે ગોળ ભાગ હોય તેને ચપ્પુ કે દાતરડાથી કોરી તેમાં ગોળ કાણું પાડે. અંદરથી બી વગેરે કાઢી, સાફ કરી, ધોઈ નાખે એટલે તેનો ઉપયોગ પાણી લેવા કે કઢી, દાળ છાશ અને કાંજી લેવા માટે થઈ શકે).

પાથરવા માટે ફક્ત ખજૂરીનાં ઝીણાં પાંદડાંની બનાવેલી એકાદ સાદડી કે એકાદ કોથળો હોય. ભોંય પર પાથરીને સૂઈ જવાનું. ઓઢવા માટે બાનું પહેરવાનું લૂગડું. નહીં ચાદર નહીં ચોરસા-ઓશીકાં. ઘરમાં એક ખાટલો કાથી ભરેલો હતો. ખજૂરીનાં પાંદડાંની સાદડી મારાં બા અને દાદી ઘરે જ ગૂંથીને બનાવી લેતી. આ સિવાય કોઈ જ સાધન ઘરમાં નહીં.

બાળપણનો અમારો ખોરાક હતો- જુવારના લોટની પાણીમાં ખૂબ પાતળી બનાવેલી કાંજી, જેમાં માત્ર મીઠું નાખવામાં આવતું. ક્યારેક છાશ મળે તો તે નાખવામાં આવતી અથવા ચોખાની પાણીમાં બનાવેલી ખૂબ પાતળી કાંજી. ક્યારેક તેની સાથે વાલ કે તુવેરનું શાક માત્ર મીઠું નાંખેલું હોય.

કોઈક દિવસ સાંજે જુવારનો રોટલો હોય પણ તેની સાથે શાકભાજીને બદલે છાશની કઢી કે પાતળી દાળ હોય, તેમાં મસળીને રોટલો પાઈને સૂઈ જવાનું. અમારા મા-બાપ સ્યાદલા ગામના પાટીદારોને ત્યાં સાથી તરીકે રહીને કાળી મજૂરી કરે ને અમને ઉછેરે.

## અન્નપૂર્ણાબહેન આવીને ભણાવવા લઈ ગયાં

મારું નસીબ કાંઈક જોર કરતું હશે તે બાલમંદિરમાં જવા જેવડી થઈ ત્યારે મુ. અન્નપૂર્ણાબહેન, તેમના પિતાશ્રી ચુનીદાસ સાથે એક દિવસ અમારા ફળિયામાં આવ્યાં. બેડીફળિયામાં બાલવાડી શરૂ કરી.

મુ. અનુબહેન (અન્નપૂર્ણાબહેન) બાલવાડીની પ્રવૃત્તિ મારફત અમારાં માતાપિતાનો સંપર્ક સાધવા લાગ્યાં અને એ આદિવાસી, અજ્ઞાન, કચડાયેલા મજૂરોને પોતાની દીકરીઓને ભણવા, સંસ્કારી બનાવવા, ફળિયાને છેવાડે મદાવ નદીને કિનારે આવેલ આશ્રમમાં મોકલવા માટે સમજાવવા લાગ્યાં. મા-બાપ શરૂઆતમાં આનાકાની કરતાં પરંતુ બહેનની સમજાવટથી અમને મોકલવાનું શરૂ કર્યું અને આજના કન્યા-આશ્રમનો ૧૨ બાળાઓથી પાયો નંખાયો. તે વખતે આ આશ્રમમાં ખાદી વણાટનું કામ ચાલતું હતું. ત્યાં કાચાં બે મકાનો પૈકી એક ઓરડામાં કન્યા આશ્રમની શરૂઆત થઈ.

જમવા સવાર-સાંજ ઘરે આવવાનું. આખો દિવસ આશ્રમમાં ભણવાનું અને કાંતવાનું. રાત્રે જમીને આશ્રમમાં સૂવા જવાનું. આશ્રમમાં સવાર-સાંજ પ્રાર્થના થાય, રાત્રે સૂતાં સૂતાં અનુબહેન રામાયણ, મહાભારત, બુદ્ધ, કૃષ્ણ, હરિશ્ચંદ્ર, શ્રવણ કે ધ્રુવની વાર્તાઓ કહે. પથારી કરીને સુવાડે. સવારે પ્રભાતિયાં ગાઈને ઉઠાડે. દાતણ કરતાં, ઊલ ઉતારતાં, માથાના વાળ ઓળતાં, નહાતાં શીખવે અને નવડાવે.

પ્રાર્થના બાદ સફાઈકામ, સંડાસ-સફાઈ, ચોગાન સફાઈ, ઓરડાસફાઈ, પાણી પાવું, નાસ્તો બનાવવો વગેરેના વારા. ટુકડીઓ બનાવેલી. અઠવાડિયે વારા બદલાય.

ગળી રાબ (ગોળવાળી કાંજી) , ખારી રાબ, જુવારના લોટની પાણીમાં મીઠું અને છાશ નાખીને બનાવેલ કાંજી, પલાળેલા મગ-ચણા હોય. પાટી, પેન અને ચલણગાડી – પરંતુ અક્ષરજ્ઞાન આપવાની પદ્ધતિ અનોખી. પ્રથમ પાટીમાં લખાવે. તે અક્ષર ચોગાનમાં રેતી ઉપર ચીતરાવે. નાનાં કાંકરા ભેગા કરાવે અને તેને ગોઠવીને અક્ષર બનાવડાવે. રોજની પ્રવૃત્તિઓમાં વપરાતા શબ્દો પ્રથમ શીખવે. વાર્તાઓ કહે, તેમાં વધારાનાં પાત્રોનાં નામો લખાવે. ઝાડપાન-અનાજનાં નામો લખાવે, અને તેને લગતાં નાટકો, ગીતો શીખવે, કરાવે. આને કારણે અમે અક્ષરજ્ઞાન ખૂબ ઝડપથી મેળવતાં ગયાં. હજી તો પહેલા ધોરણમાં હું હતી ત્યારે જ મને સમાચારપત્રો વાંચતાં અને લખતાં આવડી ગયું હતું. નાની બાળવાર્તાઓ વાંચી લેતી, નાના નિબંધો પણ લખતી.

## આશ્રમનું જીવનશિક્ષણ

અમે નાનપણથી માબાપ સાથે હટવાડા જવા ટેવાયેલાં અને એક પૈસાનાં ભજિયાં ખરીદી આપે તે ખાતાં. એટલે આશ્રમમાં દાખલ થયા પછી પણ ઘરે જમવા જઈએ ત્યારે એક આનો માગીને હટવાડામાં જઈને ભજિયાં લઈને આશ્રમમાં જઈએ. પૂ. બહેનને એક આનામાં બજારનાં ગંદા ભજિયાં અમે ખાતાં તે ગમતું નહીં તેથી તેમણે એક પદ્ધતિ અપનાવી કે એક આનો અમારે બહેનને આપી દેવાનો અને તેમાંથી બહેન અમને ભજિયાં, તલસાંકળી વગેરે આશ્રમમાં બનાવીને ખવડાવે. પાછળથી એવું ગોઠવ્યું કે દર અઠવાડિયે અમે ઘરેથી એક વાટકી ચોખા અથવા જુવારનો લોટ લઈ આવીએ, બધાનો ભેગો કરીએ અને તેમાંથી નવી નવી વાનગીઓ ઢેબરાં-ઢોકળાં વગેરે બનાવીને સમૂહભોજન કરીએ. એનાથી અમને રસોઈનું શિક્ષણ પણ મળવા લાગ્યું. સમૂહભાવના કેળવાઈ. આવા સમૂહભોજનમાં અમને ખૂબ આનંદ આવતો.

ઘણી વાર સાંજની પ્રાર્થના બેડીફળિયા મઢી કે સ્યાદલા ગામમાં રાખવામાં આવે. તે દિવસે ત્યાં મનોરંજન, રાસ, ગરબા, નાટકો હોય. સ્યાદલા અને મઢીગામની ઉજળિયાત વસ્તીને પણ આશ્રમ તરફ આકર્ષવાની હતી, જેથી પછાત અને ઉજળિયાતના ભેદભાવ દૂર થાય.

એક કે દોઢ વર્ષ થયું તેવામાં ‘બુહારી’નું કન્યા-છાત્રાલય જે જિલ્લા શિક્ષણ બોર્ડનું હતું તે કન્યા આશ્રમમાં ખસેડવામાં આવ્યું અને શિક્ષણ બોર્ડની પદ્ધતિસરની કન્યા-શાળા પથી ૭ ધોરણની શરૂ થઈ. પરંતુ ૧થી ૪ ધોરણની શાળા ન હતી. અન્નપૂર્ણા બહેનની શાળા ઓટલાશાળા હતી. તેથી અમે તેમની પાસે જે બાળાઓ હતી, તેમને સ્યાદલાની શાળામાં દાખલ કરવામાં આવી. મને સીધા ધો-૩ની પરીક્ષા અપાવી, ધો-૪માં દાખલ કરી. અમે પદ્ધતિસરની શાળાનું શિક્ષણ લેવા માંડ્યું. આ શાળામાં કેટલાક કડવા અનુભવો થયા. એ વખતે શ્રી કલ્યાણજીભાઈ મહેતા શાળાબોર્ડના ચેરમેન હતા. ગાંધીના અનુયાયી-નઈ તાલીમના હિમાયતી. કન્યાશાળામાં બાળકોને મારવાં નહીં તેવી સૂચના તેમણે આપેલી. અમારી સ્યાદલાની શાળામાં બાળકોને મારતા. (જોકે મને ક્યારેય માર પડ્યો ન હતો) એક દિવસ અમે બારડોલી કોઈ પ્રસંગે ગયાં હતાં ત્યાં શ્રી કલ્યાણજીભાઈએ અમને બાળાઓને કોઈ મુશ્કેલી હોય તો પૂછયું. મારાથી બાળસહજ ભાવથી બોલાઈ ગયું. “કાકા , અમારી શાળામાં શિક્ષકો બાળકોને મારે છે.” બીજે દિવસે અમે શાળામાં ગયાં તે પહેલાં આ વાત ત્યાં પહોંચી ગઈ હતી. મારા વર્ગશિક્ષકે મને ઊભી કરી ખૂબ ઠપકો આપ્યો. તેઓ મને મારી શકે તેમ ન હતા. મેં કહ્યું “સાહેબ, મેં તમારું નામ નથી આપ્યું, કારણ તમે મને મારી નથી. મારી હોત તો નામ આપત.” ત્યાર પછી શિક્ષકો આશ્રમની બાળાઓને મારતાં નહીં.

અમારાં મા-બાપ સ્યાદલાના જમીનદારોને ત્યાં સાથી રહીને મજૂરી કરતાં તેથી સ્વાભાવિક રીતે જમીનદારનાં કુટુંબીઓ અમને નીચી દૃષ્ટિએ જુએ. અમે રિસેસમાં બહેનપણીઓ સાથે પાણી પીવા જઈએ તો અમને પાણિયારે અડવા ન દે. ઊંચેથી ખોબામાં પાણી રેડે. આવો અનુભવ એકાદ વાર થયા પછી અમે પાણી પીવા જતાં નહીં પણ તેનો બદલો બીજી રીતે વાળી લેતાં. આવી શાળામાં આદિવાસીઓનાં અમે ૮થી ૧૦ બાળકો જ હતાં. અમને 'ચોધરા' કહે. એટલે તેવું બોલનાર પાટીદારોનાં બાળકોને અમે મારતાં. શારીરિક શક્તિમાં અને ભણવામાં પણ અમે તેમનાથી વધુ હોંશિયાર હતાં તેથી તેઓ અમારો માર ખાઈને બેસી રહેતાં.

વળી સ્યાદલાની શાળામાં મારા વર્ગમાં હું પ્રથમ નંબર રાખતી, તે કેટલાક જમીનદારોને ખૂંચતું. જોકે મારા વર્ગનાં છોકરા-છોકરીઓને મારા માટે લાગણી હતી. આજે પણ તે પૈકી કેટલાક મળે છે, તો બાળપણ યાદ કરીએ છીએ.

ધો-૭ પાસ થઈ તેના આગલા વર્ષે જ કન્યા આશ્રમમાં અનુબહેને બાળાઓ માટેનું ઉત્તર બુનિયાદી વિદ્યાલય શરૂ કયું. હાલમાં વાત્સલ્યધામ છે ત્યાં જમીન રાખી. મકાનો તે વખતે ન હતાં. જંગલ-કોતરો અને નદીકિનારાનો બિહામણો વિસ્તાર હતો. દિવસે પણ ત્યાંથી એકલા કોઈ પસાર થતું નહીં. જે આઠ જેટલી બહેનો હતી તે કન્યા આશ્રમમાં જ રહેતી.

ભણતાં ભણતાં મને થયું કે મારે ગ્રેજ્યુએટ થવું જોઈએ. હું એસ. એસ. સી ન હતી. મેં તો ઉત્તર બુનિયાદીનો કોર્સ કરેલો, તેથી કૉલેજમાં કે ગુજરાત વિદ્યાપીઠમાં દાખલ કરે નહીં. પરંતુ લોકભારતીમાં જઈ શકાય. મેં ત્યાં જવાનું નક્કી કર્યું. તે જ વર્ષે અમે પાંચ આદિવાસી બાળાઓ લોકભારતીમાં ભણવા જવા તૈયાર થઈ. અરજી કરી. અમને બોલાવવામાં આવ્યાં. મા-બાપ આનાકાની કરે તે સ્વાભાવિક હતું. મારા કુટુંબમાંથી કેટલાકે મને નહીં મોકલવા મારા પિતાશ્રીને ચઢાવ્યા. મને વેડછી અધ્યાપન મંદિરમાં દાખલ થઈ જઈને શિક્ષિકા બની જવાનું કહેવામાં આવ્યું પણ હું માની નહીં. મારે વધુ ભણવું હતું. મારા પિતરાઈ કાકા જેમણે મારા વિકાસમાં ફાળો અને પ્રોત્સાહન આપ્યાં છે તેમણે બાપુજીને સમજાવ્યા અને મને લોકભારતીમાં જવાની મંજૂરી મળી. ૧૯૫૭ જૂનમાં અમે લોકભારતીમાં દાખલ થયાં.

## લોકભારતીમાં

લોકભારતી વિશે સાંભળ્યું હતું. મારા પિતરાઈ ભાઈ પણ ત્યાં ભણી આવ્યા હતા અને કાકા ભણતા હતા. તેથી સંસ્થા વિશે થોડી માહિતી મળી હતી; પરંતુ ત્યાં ગયા પછી જ તેના સ્નેહાળ, માયાળુ, આત્મીય કૌટુંબિક, પ્રાચીન ઋષિમુનિઓના આશ્રમોની યાદ આપતા વાતાવરણનો ખ્યાલ આવ્યો.

લોકભારતીમાં માત્ર ચાર દીવાલોની વચ્ચે વ્યાખ્યાન પદ્ધતિનું શિક્ષણ નહીં પણ પ્રત્યક્ષ તાલીમ મળી. દા.ત. કમ્પોસ્ટ ખાતરની થિયરી વર્ગમાં શીખવે અને તુરત પ્રેક્ટિકલ હોય જેમાં માપનો ખાડો તૈયાર કરવો, કચરો ભેગો કરવો, છાણ લાવી રાબડું બનાવવું, પદ્ધતિસર થર બનાવી ખાડો ભરવો, તૈયાર થયે ત્રણ મહિને તેનો ઉપયોગ કરવો.

જમીનની ગરમી માપવાની થિયરી શીખવાય. સાથે ખેતર ઉપર જઈ ગરમી માપવાની. જમીન વિજ્ઞાનની થિયરી હોય, સાથે પ્રયોગશાળામાં જઈ પ્રયોગ કરવાના, જમીન માપણીની થિયરી સાથે સાંકળ લઈ ખેતર પર જઈ માપીને તેનું ક્ષેત્રફળ કાઢવાનું.

અમે આદિવાસી પાંચ બાળાઓ પ્રથમ વાર કુટુંબથી-વતનથી દૂર ગઈ હતી. (જોકે હું સેવાગ્રામ દોઢ વર્ષ રહી હતી) મા-બાપ યાદ આવે પરંતુ જન્મદાતાઓથી અદકા ગુરુજનો ત્યાં હતા. વિદ્યાર્થીસમૂહે હંમેશાં સગી બહેનોની જેમ અમને સાચવ્યાં હતાં. એ વખતે અમે પાંચે આર્થિક રીતે પણ વધુ ગરીબ મા-બાપની દીકરીઓ હતી, છતાં કોઈ પણ પ્રકારના ભેદભાવ કે તિરસ્કાર અમારા પ્રત્યે નહીં રાખતા. અમને દીકરીઓની જેમ અપનાવી લીધી હતી. અમારા સંસ્કાર અને શિક્ષણ તરફ વધુ ધ્યાન આપવામાં આવ્યું.

શરૂઆતમાં લોકભારતીમાં અમે દાખલ થયાં ત્યારે પૂ. નાનાદાદા પથારીવશ ભાવનગર હતા. સુરત જિલ્લાની આદિવાસીઓની પાંચ બાળાઓ ભણવા આવી છે તેવું જાણ્યું અને દાદાએ સંદેશો મોકલાવ્યો કે આદિવાસી પાંચ બાળાઓને મારે જોવી છે. તેમને લઈ આવો. પૂ. દાદા પાસે અમને લઈ ગયા. ભાવનગર પણ અમે પ્રથમવાર જોયું હતું. દાદા પથારીમાં સૂતા હતા. આંખોમાં અમી, કપાળ ઉપર વિદ્વત્તાનું તેજ. અમને જોઈને ઉત્સાહમાં લાગણીવશ થઈને બેઠા થઈ જવાના પ્રયત્નો કર્યા. અમે દાદાને પ્રથમ વાર જોયા. પગે લાગ્યાં. સામે બેસી ગયાં. પ્રથમ પ્રવેશે જ અમને શીલળતા, હૂંફ, લાગણી, પ્રેમથી બાંધી લીધાં. શું વાતો કરવી ? મૂંગાં મૂંગાં જ બેસી રહ્યાં. તેઓએ જ શરૂ કર્યું. કહે ‘‘તમે આદિવાસી અને વળી બાળાઓ; વતનથી, મા-બાપથી ખૂબ દૂર લોકભારતી સુધી ભણવા આવ્યાં છો એ જાણીને ખૂબ આનંદ થયો છે.’’ શબ્દો સાથે તેઓની આંખમાંથી હર્ષના

આંસુ આવી ગયાં. ગળગળા થઈ ગયા. અમારા જેવી આદિવાસી બાળાઓ તેમની પ્રયોગશાળામાં આવી હતી તેનો તેમને આનંદ હતો. ‘‘ઊંડાણના પછાત આદિવાસી વિસ્તારની આદિવાસી બાળાઓ આટલે દૂર ઉચ્ચ શિક્ષણ લેવા આવે તે જ જાગૃતિની મોટી નિશાની છે. તમે લોકભારતીમાં મૂંઝાશો નહી તમે તો સંસ્થાની દીકરીઓ છો. મુશ્કેલી-મૂંઝવણ થાય તો મનુભાઈ, મૂળશંકરભાઈને જણાવી દેજો. હું તો અહીં છું પણ તમને તકલીફ નહીં પડે તેની કાળજી રાખીશ. તમે આવ્યાં તે જાણીને ખૂબ આનંદ થયો હતો તેથી જોવા બોલાવ્યાં હતાં. કાંઈ મુશ્કેલી નથી ને ?’’

સમૂહપ્રાર્થનામાં મને ખૂબ રસ પડતો, પરંતુ તે સિવાય છ દિવસ જે છાત્રાલયની પ્રાર્થના હોય તે ગમતી નહીં. હું તેમાં બેસતી નહીં. કારણ તે મઢી કે સેવાગ્રામ જેવી સરસ થતી નહીં. છેલ્લે હાજરી પુરાય ત્યારે જઈને બેસું.

પૂ. મનુભાઈને મારી આ પ્રાર્થનાચોરીની ખબર હતી. એક દિવસ ફરતાં ફરતાં અમારા છાત્રાલયમાં આવ્યા ત્યારે મને કહે, ‘‘જમુ, તને સાચે જ ઈશ્વરમાં શ્રદ્ધા ન હોય તો પ્રાર્થનામાં ના બેસે તેનો વાંધો નથી; પણ ઈશ્વરમાં શ્રદ્ધા હોય તો પ્રાર્થનામાં બેસવું. જોકે તે વખતે હું સાવ નાસ્તિક હતી. મઢી, વેડછી કે સેવાગ્રામની પ્રાર્થના તો તેનાં ભજનો અને સંગીતને કારણે ગમતી. લોકભારતીમાં રહી ત્યાં સુધી આ બાબત પરિવર્તન આવ્યું જ નહીં. હું નાસ્તિક જ રહી. એક દિવસ જાહેર પ્રાર્થનામાં પૂ. દાદાએ પોતાના પ્રવચનમાં સ્વાભાવિક અમારી રહેણીકરણીનો દાખલો આપીને કહ્યું :

‘‘આ આદિવાસી બાળાઓ ગરીબ મા-બાપની છે. તેમણે ફેશન કરવી જોઈએ નહીં.’’ બીજે દિવસે અમે પૂ. દાદાને મળ્યાં અને સ્પષ્ટતા કરી કે દાદા અમે ફેશન કરતાં નથી. અમારી પાસે તો બે જ જોડી કપડાં હોય છે. તે પણ બિલકુલ સફેદ. ક્યારેક તે પૈકી એક જોડી ફાટેલી હોય છે. પરંતુ અમે તે કાળજીથી ધોઈને ગડી કરીને સફાઈબંધ પહેરીએ છીએ. સફાઈબંધ સાંધીએ છીએ, તેથી ફેશનેબલ લાગે. વાળ પણ સફાઈબંધ ઓળીએ. અમારી પાસે મોંઘાં કે વધારે કપડાં લેવાના પૈસા જ નથી.

અમે પ્રથમ વર્ષમાં દાખલ થયાં. કોઈ સાથે પરિચય નહીં. અમને અધ્યાપક નિવાસના એક મકાનમાં રહેવા આપેલ. તેની પાછળના મકાનમાં ગુર્જરભાઈ, સોમાભાઈ, જયંતિભાઈ શાહ રહે. અમારી બધી પ્રવૃત્તિઓની તેમને ખબર પડે. હસીએ, રડીએ, ગીતો ગાઈએ, ભજનો ગાઈએ. બધું સાંભળે, જોયા કરે. એક દિવસ કોઈક કારણસર અમારા પૈકી એકને રડવું આવ્યું. સાથે અમે પાંચેય રડવા લાગ્યાં. અમારા પાડોશી અધ્યાપકોએ તે સાંભળ્યાં કર્યું. બીજે દિવસે શ્રી ગુર્જરભાઈએ વર્ગ

પૂરો થયા બાદ પૂછયું : 'કાલે તમે પાંચેય શા માટે રડતાં હતાં ?'' ચોરી પકડાઈ ગઈ. શરમાઈ ગયાં. અમે જવાબ આપ્યો નહીં. બીજો પ્રશ્ન કર્યો : ''કેરી ખાવાનું મન થયું છે ? તમારા દેશમાં ખૂબ કેરીઓ થાય છે. અત્યારે તેની સિઝન છે એટલે મન થતું હશે-ખરું ને? કાલે હું તમને કેરી લાવી આપીશ. રડશો નહીં.'' અને બીજે દિવસે ફરી વર્ગ પૂરો થયો ત્યારે અમને બોલાવીને ક્યાંકથી એક કેરી લાવ્યા હતા તે કાપીને તેમણે જાતે જ અમને વહેંચી આપી. સામાન્ય રીતે દિવાળીની રજાઓ પહેલાં બે દિવસ અગાઉ બાજરો લણવાનો હોય અને તે કામ પૂરું થયે સૌએ રજાઓમાં ઘરે જવાનું. વિદ્યાર્થીઓની ટુકડીઓ બનાવી, ખેતરો વહેંચી આપે. જે ટુકડી જલદી કાપી લે તે જલદી ઘરે જાય.

એક વખત અમારે ભાગે સીમવાળું દૂરનું ખેતર બાજરો કાપવાનું આવેલું. અમે નક્કી કરેલું કે સાંજ સુધીમાં કાપણી પૂરી કરવી તેથી થાક લેવા પણ થોભીએ નહીં. કાપણી પૂરી થઈ, સાંજે સૌ ટ્રેક્ટરમાં બેસી સંસ્થામાં જવા નીકળ્યાં તો ગજરા ટ્રેક્ટરમાં બેસે જ નહીં. તેણે રડતાં રડતાં ચાલવા માંડ્યું. ખૂબ સમજાવી. પૂછયું તો કહે, ''બપોરે મને ટ્રેક્ટરમાં બેસાડી નથી, એટલે હું નહીં બેસું.'' છેવટે હું પણ ઊતરી ગઈ. અમે બન્ને ચાલતાં જવા લાગ્યાં. તે જોઈ બે-ત્રણ વિદ્યાર્થીઓ પણ અમારી સાથે ઊતરી ગયા. સંસ્થામાં અમારા પહેલાં અમારા પરાક્રમના સમાચાર પહોંચી ગયા. સંસ્થામાં અમે જઈને નાહીને ખાધા વિના અંદરથી રૂમ બંધ કરીને રડીને સૂઈ ગયાં. બધા જ વિદ્યાર્થીઓ જમવા માટે વારાફરતી સમજાવવા આવ્યા, પણ માને જ કોણ ? છેલ્લે ગોપાળ અને ભગવાનભાઈ મુ. શ્રી મનુભાઈ અને વિજયાબહેનને બોલાવી લાવ્યા. તેઓના ઘરે લઈ જઈને મોટાંબહેને બનાવેલ ગરમ ગરમ ઢોકળાં પેટ ભરીને જમાડ્યાં. સાથે ભગવાનભાઈ અને ગોપાળભાઈને પણ ખાવા મળ્યાં. બહાર નીકળીને કહે, તમારે બંને બહેનોએ રોજ રિસાઈ જવું, જેથી સાથે અમને પણ મોટાંબહેનની રસોઈ જમવા મળે.

એક પ્રસંગે અમે ગઢુલા ગામે ગયાં હતાં. નિશાળમાં સમૂહ કાંતણ વગેરેનો કાર્યક્રમ હતો. ગામમાં દરબારોનાં કુટુંબ હશે. તેમની દીકરીઓ રાજકોટ મહિલા કૉલેજમાં ભણી હતી. પરંતુ ગામમાં ઘરની બહાર નીકળાય નહીં. અમે લોકભારતીમાંથી આવ્યા છીએ તેવી ખબર પડતાં અમને બોલાવ્યાં. અમે ગયાં. ડેલા આગળ મૂછાળા મરદો બેઠા હતા. તેઓ કદાચ એવું સમજ્યા હશે કે આ લોકભારતીવાળાં અમારી દીકરીઓને ભંભેરેશે, ચઢાવશે. એટલે અમને પડકાર્યા. કહે, ''ક્યાં જાઓ છો ? શું કામ અંદર જાઓ છો ? તમારે અંદર જવાનું નથી.'' અમે ગભરાયાં; પણ જવાબ આપ્યો કે અંદર બહેનો બોલાવે છે તેથી જઈએ છીએ. મળીને પાછા ચાલ્યા જઈશું. અમને રજા મળી. અંદર ગયાં. બહેનો સાથે તેમના સમાજની, રૂઢિ-રિવાજોની ચર્ચા કરી. અમારા જેવી જ સ્ત્રીઓનું બંધિયાર કેદખાના જેવું જીવન જોઈને દુ:ખ થયું. અમે પૈસે ગરીબ પણ સ્વતંત્ર અને સુખી હતાં, દરબાર

સમાજની ભણેલી બહેનોની પણ આ દશા ? આ રૂઢિ-રિવાજો ક્યારે અને કોણ તોડશે ? દુ:ખી-પછાત તો આ બહેનો છે, અમારા જેવા આદિવાસીઓ નહીં. સામાજિક રીતે તો સમગ્ર આદિવાસી સમાજ ઘણો આગળ ગણી શકાય. પૂર્વ પ્રાથમિક શિક્ષણથી ઉચ્ચ શિક્ષણ સુધી મેં નઈતાલીમનું શિક્ષણ મેળવ્યું હતું તેથી અંગ્રેજી વિષય ઉપર બહુ ભાર મુકાયો નહીં. લોકભાતીમાં તે વાંચવા-સમજવા જેટલું શીખ્યાં, જેથી તેની મુશ્કેલી આજે પણ છે. આ પાસું પહેલેથી જ નબળું રહી ગયું. ભાષા શીખવા માટે વાતાવરણ જોઈએ, જે મારા જેવા ગામડામાં પડેલાંને મળે નહીં, જેથી તેની ઉપર હું આજે પણ કાબૂ મેળવી શકી નથી. આ ઊણપ સાથે કામ કરવાનું છે એટલે તેની મુશ્કેલી પડતી નથી.

## ક્ષેત્રીય કામગીરીના અનુભવો

સને ૧૯૬૧માં લોકભારતીમાંથી દીક્ષા લઈને ક્ષેત્રીય કામગીરીમાં ઝંપલાવ્યું. શું કામ કરવું તેનું કોઈ સ્પષ્ટ ચિત્ર મારી સામે ન હતું. પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યા બાદ એક વડીલબંધુના સૂચનથી ર. વ. દેસાઈની ‘ગ્રામલક્ષ્મી’ નવલકથા વાંચી હતી. તેથી ગ્રામસેવાનો વિચાર મગજમાં પડેલો હતો. શિક્ષણકાર્યમાં નહીં પડવાનું નક્કી હતું. ગામડાંઓના સામાન્ય લોકોનું જ ગમે તે પ્રકારનું ગમે તે સંસ્થા મારફત કામ કરવાની ઇચ્છા હતી; પરંતુ તે કેવા પ્રકારનું હોઈ શકે તેની કલ્પના ન હતી. આ દિશામાં સ્વતંત્ર રીતે વિચારવાની પાકટતા પણ નહોતી, તેથી ગુરુજનો અને વડીલો સૂચવે તેવું કામ શરૂ કર્યું. શરૂઆતમાં પૂ. મનુભાઈના સૂચન મુજબ, તેઓના સાંનિધ્યમાં રહીને સૌરાષ્ટ્રમાં જ – કદાચ મણાર રચનાત્મક પ્રવૃત્તિઓનું કામ સ્વીકારવાનું વિચાર્યું. પરંતુ પૂ. જુગતરામકાકા અને શ્રી ઝીણાભાઈની ઇચ્છા હું સુરત જિલ્લામાં જ રહું તેવી હતી. તેથી તેઓશ્રીના સૂચન મુજબ સુરત જિલ્લા નશાબંધી સમિતિના પ્રચારકનું કામ સ્વીકાર્યું. સાથે સાથે સુરત જિલ્લા જંગલ મંડળીઓની સમન્વય સમિતિની કચેરીમાં પણ તે અંગેની કામગીરી કરતી. પગારની માગણી, કે કેટલો જોઈએ તેની મેં ક્યારેય કરી ન હતી તેથી સંસ્થા મને માસિક કુલ પગાર રૂ. ૬૦ આપતી. મેં તેટલાથી જ સંતોષ માન્યો.

૧૯૬૧ની શરૂમાં મું ઝીણાભાઈના આગ્રહથી હું સ્ત્રી અધ્યાપન મંદિરમાં જોડાઈ. પણ બહેનો મારાથી ઘણાં મોટાં, દીકરીઓ, વિધવાઓ આ બધાંને ભણાવવાનું મને ફાવ્યું નહિ. તે જ વખતે ગજરાબહેન મારી બેનપણી, જે શરૂઆતથી જ ગ્રામવિકાસ ખાતામાં હતી. તેની પાસેથી તથા બોરખડી વિભાગની ગ્રામસેવિકા, ગ્રામસેવકો પાસેથી ગામવિકાસખાતા વિશે જાણવા મળ્યું. મારે પૈસાની જરૂર હતી જ. કૌટુંબિક આર્થિક બોજો પણ હતો. એક વિધવા મોટી બહેન અને તેનાં ત્રણ નાનાં બાળકો અમારી સાથે હતાં. બીજી મોટી બહેનો જેઓ મજૂરી ઉપર જ જીવન ગુજરાન ચલાવતી તેમનાં બાળકોને ભણાવવા મદદ કરવાનો પ્રશ્ન પણ હતો તેથી વેતન વગરની સેવા શક્ય ન હતી. વેતન સાથેના અને સલામતીવાળા કામની જરૂર હતી, જેથી આ સરકારી ખાતું પસંદ કરવાનું યોગ્ય જણાયું.

એક દિવસ બહેન ગજરાના સૂચનથી મેં એક ચોથિયા કોરા કાગળ ઉપર સાદી, સીધી, ચાર લીટીની અરજી જિલ્લા ક્લેક્ટર સાહેબ, સુરતને કરી. સાથે નહીં કોઈ પ્રમાણપત્રોની નકલો કે નહીં કોઈની ભલામણ, કે નહીં જાતિ અંગેના કે ચારિત્ર બાબતના દાખલા. એ અરજી સ્વીકારાઈ. મને વડોદરા સ્ત્રી સમાજ શિક્ષણ અધિકારીની જગ્યા માટેના ઇન્ટરવ્યૂમાં બોલાવી.

- **ચોરીછૂપીથી ઇન્ટર્વ્યૂ આપ્યો !**

કોઈ પણ પૂર્વ તૈયારી કે કોઈની પણ ભલામણ કે લાગવગ વગર અસલ પ્રમાણપત્રો સાથે સંસ્થાને ખબર ના પડે તેમ બે દિવસની રજાનો રિપોર્ટ સંસ્થાને આપીને હું વડોદરા ઇન્ટરવ્યૂ માટે ગઈ.

સવારે ૧૦-૦૦ વાગ્યાથી સાંજના ૫-૦૦ વાગ્યા સુધી મારો નંબર આવ્યો નહોતો. છેલ્લો અને ૬૦મો ક્રમ હતો. શું પુછાય ? શું જવાબ આપવો ? કોઈ વિચાર કર્યો ન હતો. આખો દિવસ મૂઢની જેમ સાંજ સુધી બેસી રહી. મારો વારો આવતાં હું અંદર દાખલ થઈ. નહીં ગભરાટ, નહીં થડકાર. સ્વસ્થ ચિત્તે સાહેબોની સામે જઈ ઊભી રહી. સવાલો શરૂ થયા. સાચું જ બોલાય. ખોટું નહીં- તે સંસ્કાર અને આદિવાસી પછાત લોકસમાજમાં સરકારી ગ્રાન્ટમાંથી કાંઇક કરવાની ઉત્કંઠા કામ આવી. સવાલોના બેધડક જવાબો મેં આપ્યા.

પ્રશ્ન : હાલ શું કામ કરો છો ?

જવાબ : બોરખડી અધ્યાપન મંદિરમાં નોકરી.

પ્રશ્ન : તે પહેલાં શું કરતા હતાં ?

જવાબ : સુરત જિલ્લા નશાબંધી સમિતિમાં પ્રચારકનું કામ.

પ્રશ્ન : સંસ્થાની સંમતિથી આ ખાતામાં અરજી કરી છે ?

જવાબ : ના. છાનામાના કોઈને જાણ ના થાય તેમ કરી હતી અને ઇન્ટરવ્યૂ માટે આજે પણ છાનીમાની આવી છું.

પ્રશ્ન : કેમ આવું કરવું પડ્યું ?

જવાબ : જો મુ. ઝીણાભાઈ કે પૂ. જુગતરામકાકા જાણે તો આ સરકારી નોકરીમાં આવવા નહીં દે માટે.

પ્રશ્ન : રાજીનામું આપ્યું છે ?

જવાબ : ના.

પ્રશ્ન : ક્યારે આપશો ?

જવાબ : આપના તરફથી નોકરીનો ઓર્ડર મળશે ત્યારે.

પ્રશ્ન : શા માટે ત્યારે ? અત્યારે નહીં ?

જવાબ : કદાચ આ ઇન્ટરવ્યૂમાં મને પસંદ કરવામાં નહીં આવે અને અગાઉથી રાજીનામું આપી દઉં તો, મારે ખાવાપીવાની મુશ્કેલી ઊભી થાય. બેકાર બેસવું પડે તે પોસાય નહીં. કુટુંબની આર્થિક સ્થિતિ ખૂબ નબળી છે. આર્થિક બોજો મારી ઉપર છે.

પ્રશ્ન : ગામીત બોલી બોલતાં આવડે છે ?

જવાબ : ના, ચૌધરી બોલી આવડે છે ?

પ્રશ્ન : તમે ચૌધરી છો માટે તે આવડે પણ ગામીત કેમ શીખ્યાં નથી ?

જવાબ : ગામીત વસ્તીવાળા પ્રદેશમાં નોકરી આપશો તો વાતાવરણમાંથી શીખી લઈશ.

પ્રશ્ન : નશાબંધી પ્રચારક તરીકે કામ કર્યું ત્યારે કેમ કરતાં ?

જવાબ : ગામડાંઓના પગપાળા પ્રવાસ કરીને નશાના દોષ-નુકસાન, ગેરફાયદા સમજાવતી. ઘરે ઘરે લોકોને-ખાસ કરીને બહેનોને મળતી. તેમની સાથે ચર્ચા કરતી. ભાષણ કરતાં આવડતું નથી. ગમતું પણ નથી. વ્યક્તિગત સંપર્ક અને ચર્ચાઓ ગમે છે.

પ્રશ્ન : ડાંગમાં નોકરી કરવા જશો ?

જવાબ : ના.

પ્રશ્ન : કેમ શું વાંધો છે ?

જવાબ : વતનથી દૂર પડે. નજીક રહેવું છે.

પ્રશ્ન : તેમાં શું વાંધો છે ? તમને ડાંગમાં મૂકીશું.

જવાબ : ભલે ! હું ત્યાં પણ જઈશ. આપની ઇચ્છા.

ઇન્ટરવ્યૂ પૂરો થયો અને પસંદગીમાં મારું બીજું સ્થાન હતું. ડાંગનો ઓર્ડર મળ્યો.

## આદિવાસી ક્ષેત્ર અને કસોટીના પથ્થરો ઓળંગ્યા...

આદિવાસી વિકાસ ઘટકમાં નાની વહિયાળીમાં સ્ત્રી સમાજ શિક્ષણ અધિકારીની જગ્યા ઉપર નિમણૂંક થઈ હતી. મુખ્ય મથક નાની વહિયાળ, પરંતુ કચેરી ધરમપુરમાં જ હતી. આખો પ્રદેશ માત્ર જંગલ અને ડુંગરાળ. ગામડાંઓમાં જવાઆવવા માટે કોઈ રસ્તા કે વાહનવહેવારની સગવડ નહીં. માત્ર નાની વહિયાળ ગામે જવા પૂરતી જ બસ મળે. તે સિવાય કોઈ પણ ગામ માટે બસની સગવડ નહીં. જીપ હોય તો જઈ શકાય, નહીં તો ચાલતાં જ જવાનું. ડુંગરો ચઢવાના, ઊતરવાના. ઘોર જંગલોમાંથી પસાર થવાનું. નાનપણમાં ડુંગરો ને જંગલો ખૂંદવાનો શોખ હતો. નોકરી પણ આવા વિસ્તારમાં જ મળી. ત્યાંની જાન્યુ.' ૬૩થી મે'૬૩ સુધીની લગભગ ૪ ।। માસની નોકરી દરમિયાન મોટા ભાગે પગપાળા જ પ્રવાસ કર્યો. ૨૦ કિ. મિ. દૂરનાં ગામડાં સુધી. પણ હું એ વખતે પગપાળાં એકલી જતી. કેટલાંક ગામોમાં નાની વહિયાળ સુધી બસમાં જઈ ત્યાંથી ૮-૧૦ કિ.મિ. ચાલીને પણ જતી, છતાં તે વખતે નઈ તાલીમના શિક્ષણને કારણે ઘડતર અને અભ્યાસકાળ દરમ્યાન ગામડાંમાં રાષ્ટ્રીય પર્વો વખતે કરેલ સેવાકાર્યના, શિબિરોના અને પગપાળા પ્રવાસ કરવાના અનુભવને કારણે કશું જ અઘરું લાગતું નહીં. જંગલમાં ગામડાંઓમાં જાઉં ત્યારે દૂર દૂર વસેલા આદિવાસીઓનાં ઝૂંપડે ઝૂંપડે ફરું. કોઈક વાર મારી સાથે ગ્રામસેવક કે ગ્રામસેવિકા હોય. નહીં તો સરપંચને શોધી કાઢવાના.

ધરમપુરમાં તે વખતે પ્રાથમિક શાળાના શિક્ષકો મારફત પ્રૌઢ શિક્ષણ વર્ગો ચલાવવામાં આવતા. પ્રૌઢ શિક્ષણ ઉપર એ વખતે વધુ ભાર મુકાયો અને અમારી એ મુખ્ય પ્રવૃત્તિ હતી. ચાર માસ પછી તેની પરીક્ષા લેવાય. જેટલાં પ્રૌઢો પાસ થાય તેના પ્રૌઢ દીઠ. રૂ. ૪ મુજબ સંચાલકોને મહેનતાણું મળે. તે પૈકીના કેટલાક વર્ગોની મુદત એપ્રિલ માસમાં પૂરી થતી હતી અને મારે તે બધાંની પરીક્ષા લેવાની હતી. પરીક્ષા રાત્રે લેવાની તેથી જે તે ગામે રાતવાસો કરવો પડે.

'કેળવણી' ગામ ધરમપુરથી ૧૦ માઈલ (૧૬ કિ.મિ.) જેટલું દૂર. બસની સગવડ નહીં. ચાલીને જ ગામે જવાનું. મેં ગામે જઈને જ પરીક્ષા લેવાનું કહ્યું એટલે વર્ગ સંચાલક શિક્ષકભાઈ મને લેવા આવ્યા હતા. અમે પગપાળા ગામે પહોંચી ગયાં. શાળાનું મકાન એટલે નાની ઘાસની ઝૂંપડી. દીવાલ નહીં, બારણાં પણ નહીં. રાત્રે પ્રૌઢો ભેગા થયા. પરીક્ષા લેવાઈ. શિક્ષકભાઈ કહે, "બહેન, જેટલા પ્રૌઢો પાસ થાય તેના કરતાં ચાર-પાંચ વધુ પાસ કરજો. તમને પણ મારે કંઈક આપવાનું ને ?" મને સમજ પડી નહીં. તેણે સ્પષ્ટતા કરી કે અહીં તો જે પરીક્ષા લેવા આવે અને પ્રૌઢોને પાસ કરે, તેના બદલામાં અમને મળતાં મહેનતાણામાંથી અમારે તેમને ભાગ આપવાનો

હોય છે. જેટલા વધુ પાસ કરો, તેના પૈસા તમને આપીએ. મેં કહ્યું પણ અમને તો સરકાર આ પરીક્ષા લેવાનો જ પગાર આપે છે. તમારું કામ ભણાવવાનું છે તેમ અમારું કામ પરીક્ષા લેવાનું છે. તમારે મને કશું જ આપવાનું નથી. એવા પૈસા હું લેતી નથી. નિયમ મુજબ જેટલા પાસ થતા હશે તેટલા જ થશે. શિક્ષકને મારી આ વાતની નવાઈ લાગી. રાત્રે હું એ ઉઘાડી નિશાળની ઝૂંપડીમાં સૂઈ ગઈ. બીજે દિવસે છેક કેળવણીથી એકલી જ ફરીથી પગપાળા આવી. રસ્તે જંગલના લંગોટિયા આદિવાસીઓ મળે. કહે, ‘‘બાઈ તું એકલી છે ? શું કરવા એકલી આવે છે ? ચાલ હું મૂકી જાઉં.’’ મને થોડે સુધી મૂકી જાય.

એક વાર હું વિકાસ ઘટક અધિકારીશ્રી સાથે ‘પંગારબારી’ ગામે ગઈ હતી. આ ગામ પણ ડુંગરાઓ ઉપર વસેલું. ગામે પહોંચ્યાં. હું ટેવ મુજબ નજીકના ઝૂંપડામાં જવા લાગી તો મને આવતી જોઈ ઝૂંપડામાં બેઠેલ બેત્રણ આદિવાસી બહેનો બાળકોને લઈને ભાગી ગઈ. સંતાઈ ગઈ. મેં તેમને ભાગતાં જોઈને કહ્યું, ‘‘હું તમારી સાથે બેસવા આવી છું. પણ તેઓ તો નાસી જ ગઈ. તે મારાથી ગભરાતી હતી. કયા કારણે તે મને ખબર નહોતી. છેવટે ગ્રામસેવક, તેમને ઝૂંપડામાંથી શોધીને બોલાવી લાવ્યા. તેમની બોલીમાં સમજાવ્યાં ત્યારે મને બેસવા માટે ઘરમાંથી એક પાટિયું આપ્યું.

ત્યાંથી થોડે દૂર વળી બીજા ગામે ગયાં. કદાચ ‘ગુંદિયા’ હશે. હું એક બાજુ પર ચૂપચાપ ઊભી રહી ગઈ. ‘પંગારબારી’માં થયેલ અનુભવથી બહેનો પાસે જતાં હું પણ મૂંઝાતી હતી. પરંતુ સાહેબ કહે ‘‘બહેન, તમે આ બહેનો પાસે જાઓ, તેમને મળો, વાત કરો.’’ ‘‘પણ સાહેબ મને બોલતાં આવડતું નથી. તેઓ મને જોઈને ભાગી જાય તો ?’’ પરંતુ મને સાહેબે ફરજ પાડી એટલે મનમાં ગડમથલ સાથે હું બહેનો તરફ જવા લાગી. તેમણે પણ નાસભાગ શરૂ કરી દીધી. પણ હું તેમની પાછળ ગઈ. એક ઝૂંપડીમાં એક મહિલા નાગલી (ખાવાનું જંગલી ધાન) ખાંડતી હતી. (નાગલી ખાંડીને દળીને તેના રોટલા આદિવાસીઓ ખાય છે. ધરમપુરનાં આદિવાસીઓનો આ મુખ્ય ખોરાક છે.) હું પેલી બાઈ પાસેથી સાંબેલું લઈને નાગલી ખાંડવા બેસી ગઈ. (મને ખાંડતાં આવડે છે. નાનપણમાં અમે મારા ઘરે હાથે ખાંડેલા ચોખા જ ખાતાં હતાં.) અને આશ્ચર્યની વચ્ચે બહેનો ભેગી થઈ ગઈ. તેમને માટે હું કુતૂહલનો વિષય બની ગઈ. બધાં એકબીજાંને બોલાવી લાવ્યાં. નાનાં બાળકો, વૃદ્ધો અને જુવાનિયા પણ જોવા ભેગા થઈ ગયા. તેઓ તેમની બોલીમાં વાતો કરીને ખૂબ હસતા હતા. મેં ગુજરાતીમાં જ તેમની સાથે વાતો કરી. ઘર વિશે, બાળકોની અને ખેતી ધંધાની. એક ડોશીમાએ હાથસિલાઈનું કાપડું પહેરેલ. મેં તેને પૂછયું : આ ક્યાં સિવડાવો છો ? મને મોટી સોય બતાવીને કહે, આ સોયથી હું જાતે સીવી લઉં છું.’’ ‘‘વેતરો શેનાથી ?’’ દાતરડું બતાવીને કહે, આનાથી. ધરમપુર ખૂબ દૂર. ત્યાં સુધી સીવડાવવા કેવી રીતે જાય ? વગર મશીને, વગર

કાતરે પોતાની પાસે જે સાધન છે તેનાથી જેવાં તેવાં શરીર ઢાંકવા કપડાં બનાવી લે. ૧૯૬૩માં ધરમપુરની આદિવાસી પ્રજાનું આ જીવન હતું. હું તેમનાં ઝૂંપડાંઓમાં ફરી. બહેનોને મારી સાથે મજા આવી ગઈ અને મને ફરીથી આવવાનું આમંત્રણ આપ્યું. મને ત્યાં જઈને આ બહેનોને સાંધતાં, રસોઈ બનાવતાં શીખવવાનું મન થયું. જંગલમાં એ બધાંને ચોમાસાના ચાર માસ કામ હોય. ડુંગરાળ થોડીઘણી ખેતી હોય તે કરે, બાકીનો સમય કોઈ જ પ્રવૃત્તિ નહીં. ક્યાં જાય ? ક્યાં મજૂરી મળે ? બેકારી ભોગવે. જીવનધોરણ ખૂબ નીચું. થોડુંઘણું અનાજ પાકે તે ગામમાં એકાદ નાની દુકાનવાળો કે એવું કોઈ હોય તે લઈ લે. અર્ધભૂખ્યાં, અર્ધનગ્ન આ લોકો ચોમાસાના ચાર માસ તો જંગલનાં કંદમૂળ ખાઈને જીવે. ઝૂંપડાંમાં કોઈ સાધન નહીં. નાની ઝૂંપડીઓમાં નહીં ખાટલો, નહીં પાટલો. કપડું એક પહેરેલું હોય તે જ. બીજું મળે જ નહીં. રાત્રે સૂવા-ઓઢવાનું કપડું પણ નહીં. શિયાળામાં ઝૂંપડાં બહાર તાપણું કરી આખી રાત તેને ફરતે સૂઈ રહે, જમીન ઉપર જ. શરીર પરનું એક કપડું ફાટે ત્યારે માંડ બીજું લઈ શકે. પુરુષો તો માત્ર લંગોટ જ પહેરે, ચડ્ડી પણ નહીં.

એક દિવસ સાંજના પાંચ વાગ્યે હું એક ગામે પહોંચી. રાત રોકાવાની હતી. સરપંચની તપાસ કરતાં જાણવા મળ્યું કે તે દારૂ પીને સૂઈ ગયા છે. સરપંચને રોજ સાંજે ૫-૦૦ વાગ્યા પછી દારૂ પીને સૂઈ જવું પડે. ના પીએ તો આખી રાત ઊંઘ આવે નહીં. પછી એને કોઈએ ઉઠાડવાના નહીં. પોલીસપટેલને બોલાવ્યા તો તે પણ થોડું પીધેલ હતા. મેં હસતાં હસતાં કહ્યું, ‘‘જુઓ પટેલ, આપણે શિબિરમાં જે દારૂ પીએ તેને રૂ. ૧૦ દંડ કરવાનું નક્કી કર્યું છે ને ? લાવો દસ રૂપિયા.’’ પટેલ કહે, ‘‘બાઈ સાહેબ, મેં દારૂ પીધો છે. પણ ૧૦ રૂપિયા મારી પાસે નથી. આટલી વાર મને માફ કર.’’ વળી થોડી વાર રહીને કહે, ‘‘બાઈ, હું થોડો દારૂ પીને પાછો આવું ? આ વખતે પાશેર જ પીશ ?’’ અને તે ઊઠીને ગયા અને ખરેખર બીજો વધુ પીને આવ્યા. પછી તો એ ગામમાં મને ખૂબ રસ પડ્યો. મેં ત્યાં એક બાલમંદિર પણ ચાલુ કરાવ્યું. મહિલામંડળ તો સરસ ચાલુ હતું. પ્રૌઢશિક્ષણવર્ગ પણ ચાલુ હતો. હું અઠવાડિયે એક દિવસ અવશ્ય ત્યાં જતી હતી અને રાત રોકાતી હતી. પેલાં સંચાલિકા બહેનને તાલીમ આપતી. પછી તો બહેનોને માટે સીવણ-ભરત શીખવવા માટે ૩ માસનો એક સીવણવર્ગ પણ અમે ત્યાં ચાલુ કર્યો અને બહેનોને ફ્રોક, ઝભલાં, ચડ્ડી, બ્લાઉઝ જેવાં ઘરગથ્થુ કપડાં સીવતાં પણ શીખવ્યું. મેં એ ગામને આદર્શ ગામ બનાવવા પ્રયત્નો કર્યા. દરમ્યાન કેન્દ્ર સરકારના ખાસ આદિવાસીઓ માટેના અધિકારીશ્રી તાલુકાની મુલાકાતે આવ્યા ત્યારે તેમને પણ આ ગામ અને તેની પ્રવૃત્તિઓ બતાવી. કામ જોઈને તેઓ ખુશ થઈ ગયા. આમ મારા ત્યાંના આદિવાસીઓ સાથે ઘનિષ્ઠ સંબંધો બંધાયા. અન્ય પુરુષ અધિકારીઓ તે ગામે જતાં બીતા હતા ત્યાં હું એકલી પગપાળા વારંવાર જતી, કામ કરતી અને રાત પણ તેમની વચ્ચે રહેતી.

## બીજા કેટલાક કસોટીભર્યા પ્રસંગો

બીજો પ્રસંગ 'મેણધા' ગામનો છે. એપ્રિલ મહિનામાં પ્રૌઢ શિક્ષણ વર્ગની પરીક્ષા લેવાની હતી. ભવાડા જંગલના નામે એ વિસ્તાર ઓળખાય. ગાઢું જંગલ. અધિકારીઓ આ વિસ્તારમાં જાય નહીં. મેણધા ગામે બસ તો ઠીક, જીપ પણ જઈ શકે નહીં. ધરમપુર-નાસિક રોડ ઉપર વચ્ચે ઊતરી જવાતું. ત્યાંથી ૮ કિ.મિ. જેટલા ગાઢ જંગલમાં ડુંગરાઓ ઓળંગીને જવાનું. આ વિસ્તારના કુલ ચાર વર્ગોની પરીક્ષા લેવાની હતી. મને કેટલાક કર્મચારીઓ તરફથી સલાહ મળી કે ''મેણધા'' જવાય જ નહીં. શિક્ષકો, સંચાલકોને પ્રૌઢોનું લિસ્ટ લઈ અહીં બોલાવી લો. કાગળ પર માર્ક મૂકી પરિણામ પત્રક તૈયાર કરી દો. ગમે તેવા સંજોગો-મુશ્કેલીઓમાં પણ હું ગામે જઈને પરીક્ષા લઈશ એમ મેં કહ્યું. મેં સાહસ કર્યું. કર્મચારીઓ મારી હાંસી ઉડાવતા હતા. મારી સાથે મારો ૧૯ વર્ષનો ભાણેજ હતો. તેને પણ જંગલ બતાવવા સાથે લીધો. બસમાંથી ૧૧-૦૦ વાગે સ્ટેન્ડ ઉપર ઊતર્યા, લેવા માટે મેણધા ગામના આદિવાસી યુવકને શિક્ષકે મોકલ્યો હતો. ઘોર જંગલમાં ચાલવા માંડ્યું. અજાણ્યો યુવક, ભાષા સમજે નહીં. એપ્રિલનો તાપ. ડુંગરો ચઢવાના. ભૂખ્યાં પણ ખરાં. રસ્તે ક્યાંય ગામ કે વસ્તી નહીં. ચાલતાં ચાલતાં લગભગ ૧-૦૦ વાગી ગયો. ઉનાળો અને ચઢાણને કારણે સખત તરસ લાગી. ગળું સૂકાવા લાગ્યું. શોષ પડે. રસ્તે પીવાનું પાણી મળ્યું જ નહીં. ગામ નજીક પહોંચ્યાં ત્યાં મને તરસને કારણે ચક્કર આવા લાગ્યાં. બોલું તો મારો ભાણેજ અને પેલો અજાણ્યો યુવક ગભરાઈ જાય. હું ધીમે રહી ઝાડ નીચે બેસી પડી. સહેજ કળ વળતાં ધીરે ધીરે ચાલવા માંડ્યું. ગામનું પ્રથમ આવતું ઝૂંપડું નજીકમાં જ હતું. ત્યાં સુધી પહોંચી ગયાં. ઝૂંપડું આવતાં જ હું ઊભી રહી ગઈ. ત્યાં ઝૂંપડાંની માલિક આદિવાસી બાઈ ઊભી હતી. અમને જોઈને ડરી ગઈ. મેં તેની પાસે પાણી માંગ્યું. શેમાં આપે ? ઘરમાં એક પણ પિત્તળ કે ધાતુ કે કોઈ પણ પ્રકારનાં લોટો કે પવાલું કે અન્ય સાધન ન હતાં. અમારા જેવા સુધરેલાઓને પાણી શેનાથી પાય ? તે મૂંઝાઈ ગઈ. તેના પાણીના માટલા પાસે મેં અગાઉ વર્ણવી છે તેવી ડોયા આકારની સૂકી દૂધીની 'ડોબડી' પાણી લેવા માટે હતી. તેનાથી મેં પણ નાનપણમાં મારા ઘેર પાણી, દાળ, કઢી વગેરે પીધાં હતાં. મેં તેનાથી જ પાણી માંગ્યું અને પી લીધું.

બપોરે આજુબાજુનાં ઝૂંપડાંઓમાં ફરી. લોકોને મળી. તેમની સ્થિતિ જોઈ. ગામલોકોને મારા આવ્યાની અને હું રાત રોકાવાની છું તેની જાણ થઈ. શિક્ષકે બનાવેલ ખીચડી, ડુંગળીનું શાક ખાઈ લીધું. અને રાત્રે વર્ગની પરીક્ષા લીધી. આખું ગામ ભેગું થયું હતું. જેની પરીક્ષા હતી તે અને પરીક્ષા નહોતી તેવાં પણ બાળકો, સ્ત્રીઓ, પુરુષો, યુવાનો અને ઘરડાં જાણે ગામમાં મોટો ઉત્સવ હોય.

બીજે દિવસે બીજા ગામે પરીક્ષા લેવાની હતી. ફરીથી મેણધાથી નીકળ્યાં. રસ્તે પાણીનો પ્રશ્ન હતો જ. તરસ લાગી. એક જગ્યાએ ઝાડ નીચે એક કુટુંબ ખેતરમાં કામ કરતું હતું. તેમની પાસે પાણીનો ઘડો જોયો. એટલે ત્યાં ગયાં. પરંતુ ઘડામાં બેત્રણ લોટા જ પાણી હતું. જો અમે પી જઈએ તો તેઓ આખો દિવસ ખેતરમાં શું પીએ ? અમે પાણી પીધા વિના પાછા ચાલવા લાગ્યાં. રસ્તે આંબાનું ઝાડ આવ્યું તેની ઉપરથી પાણા વડે મરવું તોડ્યું. તેના ટુકડા કરી મોઢામાં મૂક્યા જેથી શોષ પડતો અટકે. કાચાં કરમદાં તોડીને ખાધાં. તેની ખટાશને કારણે થોડી રાહત રહે.

ધરમપુરનાં ગામડાઓમાં બસ-વ્યવહાર હતો જ નહીં. તેથી મોટા ભાગે ગામડાંઓમાં હું ચાલીને જતી. આદિવાસીઓ મને એકલી ચાલતી જોઈને કહે, ''બાઈ, એકલા આવવું નહીં, કોઈને સાથે લાવવા.'' હું કહેતી : ''મને બીક લાગતી નથી. પછી શું કામ બીજાને સાથે લાવું ?'' તેઓ લાગણીશીલ, ભીરુ, શાંત અને અજ્ઞાન હતાં. ત્યાંની સાડા ચાર માસની નોકરીમાં લોકો તરફથી કદી કડવો અનુભવ થયો નહોતો. તેમની પાસે જવાનું મને ગમતું. તેમનો ચોખાનો રોટલો અને અડદની દાળનું શાક હું ખાતી.

પરંતુ કોઈ કોઈ અધિકારી તરફથી મને કડવા અનુભવો થયા. પ્રથમ મહિનાની પ્રવાસ-ડાયરી મારે લખવાની હતી. કેવી રીતે લખવી તે સમજાય નહીં. ભથ્થા –બિલના નિયમો હું જાણું નહીં. કોઈકે કહ્યું, ''બહેન, ડાયરી જીપની લોગબુક જોઈને લખજો. લોગબુકથી જુદી પડશે તો ઓડિટ વાંધા લેશે.'' મેં કહ્યું, ''પણ મેં મારી નોંધ રાખી જ છે.'' ''છતાં પણ જોઈ લો. લોગબુકમાં હોય તેમ જ લખજો.'' મેં લોગબુક જોઈ તો જે દિવસે પ્રવાસ કર્યો નહોતો, જ્યાં હું ગઈ નહોતી, જે ગામો મેં જોયાં નહોતાં તેવા દિવસે, તેવાં સ્થળો અને ગામોની નોંધ સામે પ્રવાસ કરનાર અધિકારીઓમાં મારું નામ હતું. આમ કેમ ? હું ગભરાઈ ગઈ. કર્મચારીઓ કહે, ''તમારું નામ લખેલ છે.'' ''પણ મેં તો પ્રવાસ કર્યો જ નથી. કોઈ શા માટે આવું લખે ?'' કહે, ''અધિકારી એકલા જીપમાં પ્રવાસ કરી શકે નહીં, સાથે બીજા કર્મચારીઓ હોવા જોઈએ તેથી ગમે તે કર્મચારીના નામ લખી દે.'' મેં કહ્યું, મારાથી આવું ખોટું થાય નહીં. એ દિવસોનું ભથ્થું હું નહીં લઉં.'' પરંતુ મારે લોગબુકમાં સહી તો કરવી જ પડી. હિંમત કરીને લાગતા વળગતાને કહ્યું કે ''હું પ્રવાસમાં આવી નથી તેવા દિવસે પણ લોગબુકમાં મારું નામ છે. હવેથી હું આવું તો જ મારું નામ લખજો.'' ત્યાર પછી તે બંધ થયું.

## કુટુંબનિયોજન ક્ષેત્રની તાલીમમાં પ્રથમ નંબરે !

સાડા ચાર માસની નોકરી થઈ ત્યાં કુટુંબ નિયોજનની તાલીમમાં જવાનો હુકમ મળ્યો. કુટુંબ નિયોજન અંગેની મારી સમજ એવી હતી કે એક કુટુંબ હોય તેનું વ્યવસ્થિત આર્થિક આયોજન કરવું. કેમ જીવવું, રોજ શું ખાવું ? માસિક ખર્ચનું, વાર્ષિક ખર્ચનું આયોજન એવું કંઈક તેમાં આવતું હશે.

ટ્રેનિંગ સેન્ટરમાં હાજર થઈ. વર્ગો શરૂ થયા ત્યારે ખબર પડી કે કુટુંબ નિયોજન શું કહેવાય ! મારા અજ્ઞાન ઉપર આજેય હસવું આવે છે. એ બે માસની તાલીમમાં પગાર ઉપરાંત સ્ટાઈપેન્ડ પણ મળે. ગ્રેજ્યુએટ હોય તો માસિક ૧૦૦ અને એસ.એસ.સી. હોય તો માસિક રૂ. ૭૫ મળે. મને તાલીમ સંસ્થાના સંચાલકોએ રૂ. ૭૫ સ્ટાઈપેન્ડ આપ્યું. મેં  વાંધો લીધો. હું ગ્રેજ્યુએટ છું. મને રૂ. ૧૦૦ મળવા જોઈએ. ક્લાર્ક કહે, વિદ્યાપીઠ કે લોકભારતીના સ્નાતકોને ગ્રેજ્યુએટ ગણાય નહીં. એસ. એસ.સી. જ ગણાય. મેં કહ્યું ‘‘પણ ગુજરાત સરકારે માન્યતા આપી છે. અમને ગ્રેજ્યુએટ સમકક્ષ ગણ્યાં છે. મને રૂ. ૧૦૦ મળવા જોઈએ.’’ તે .વખતે મેં રૂ. ૭૫ લઈ લીધા અને પાછળથી લડત ચલાવી. પૂ. મનુભાઈને લખ્યું કે જો લોકભારતીનું અને તેના સ્નાતકોનું સમાજમાં અને સરકારી ખાતાઓમાં આવું નીચું સ્થાન હોય તો તે યોગ્ય નથી. રૂ. ૭૫ કે રૂ. ૧૦૦નો પ્રશ્ન ગૌણ છે; પરંતુ લોકભારતીનો ડિગ્રીનો, આબરૂનો સવાલ છે. સરકારી અધિકારીઓ અને ખાતાંઓ આવી ગેરસમજ કરે અને લોકભારતીના શિક્ષણને વગોવે તે યોગ્ય નથી. પાછળથી તે સંસ્થાએ મને રૂ. ૧૦૦ મુજબ સરકારશ્રીની સૂચનાથી ચૂકવી આપ્યા. ખાતા તરફથી તેઓએ મને રૂ. ૧૦૦ નહીં આપીને ઊભી કરેલ ગેરસમજ બદલ ઠપકો પણ મળ્યો. લોકભારતીના વિદ્યાર્થીઓને તે વખતે સરકારના ઉચ્ચ અધિકારીઓ કેવા તિરસ્કારની ભાવનાથી જોતા હતા તેનું આ દૃષ્ટાંત છે. તેની સામે લડત આપી મેં પુરવાર કર્યું કે અમે યુનિવર્સિટીના ગ્રેજ્યુએટ કરતાં ઊતરતી કક્ષાનાં નથી. સાચી બાબતમાં અન્યાય કેમ સહન થાય ?

ફિલ્ડવર્ક માટે ગ્રુપ બનાવીને ગામો આપી દીધાં હતાં. ત્રણ દિવસ ગામમાં જઈ પ્રત્યક્ષ કાર્યક્રમો કરવાના અને તેના અનુભવોના અને કામના રિપોર્ટ તૈયાર કરી ગ્રૂપ વાર તેની ઉપર ચર્ચાઓ કરવાની, જેમાં શું જરૂર હતી, શું કર્યું, શું કરવું જોઈએ ? લોકોના પ્રશ્નો શું હતા, તેનો ઉકેલ શું લાવ્યા વગેરે વિચારવાનું હતું.

મારું આ ક્ષેત્રીય કામગીરીનું નિરીક્ષણ, લોકોના પ્રશ્નો, તેના ઉકેલ, નિરાકરણ, રિપોર્ટ વગેરે બીજી બહેનો કરતાં સારા રહેતાં. તેથી ઘણી વાર બીજાને તેની અદેખાઈ આવતી. એક તો હું આદિવાસી અને વળી લોકભારતીની સ્નાતક. ‘જમુને વર્ષાંતે વધારે માર્ક મળશે.’ તે ગણતરીથી

બહેનો મને છાત્રાલયમાં હેરાન કરતાં. મને રડાવતાં. મારું સારું ન દેખાય તેવા પ્રયત્નો કરતાં. ક્યારેક મારાં નિબંધો, લખાણો પણ વર્ગમાં વંચાતાં; પરંતુ મને થતી પજવણીની ખબર મારા અધ્યાપકોને પડતી અને હું પણ તેઓને મારાં લખાણો નહીં વાંચવા જણાવતી. તેથી પછીથી તે બંધ કર્યું. વર્ષાંતે પરીક્ષા લેવાઈ, મૂલ્યાંકન થયું, અને હું તાલીમકેન્દ્રમાં પ્રથમ નંબરે પાસ થઈ.

તાલીમ બાદ વર્ષાંતે પરીક્ષાના પરિણામ સાથે અમને વિદાય આપવાની હતી. અમારું મૂલ્યાંકન કરીને પરિણામ જાહેર કર્યું. હું તાલીમ કેન્દ્રમાં સૌમાં પ્રથમ નંબરે પાસ થઈ હતી. વિદાય વખતે અધ્યાપકશ્રીઓ દરેકને વારાફરતી બોલાવે, દીક્ષા આપે. મને સૌ પ્રથમ બોલાવી. અમારા નિયામકશ્રી જે. સી. ડાબુરીસાહેબે હર્ષનાં આંસુ સાથે મને દીક્ષા અને વિદાય આપી. કહે ‘‘મિસ ચૌધરી, મૈં બહુત ખુશી કે સાથ તુમ્હેં બિદા દે રહા હું. મુજે વિશ્વાસ હૈ કિ તુમ જૈસી આદિવાસી લડકી ગાંવો કે આદિવાસી સમાજ મેં જા કે અવશ્ય કુછ કરોગી. તુમ જાઓ, કુછ કરો. મેરા તુમ્હેં આશીર્વાદ હૈ.

## સને ૧૯૬૪ : ધરમપુરથી વ્યારા

તાલીમ પૂરી થતાં જ ધરમપુરથી વ્યારા મારી બદલી થઈ.

એક વખત જંગલના દૂરના પદમડુંગરી ગામે 'ગ્રામ સહાયક ખેડૂત શિબિર' ત્રણ દિવસ માટે યોજવાનું નક્કી કર્યું. મને વિકાસ ઘટક અધિકારી સાહેબે આગલા દિવસે મોકલી દીધી. કહે "કાલે અમે આવીશું, તમે જઈને પૂર્વ તૈયારી કરો." બીજે દિવસે શિબિરનો સમય થયો. લોકો આવી ગયા. રસોઈ તૈયાર થઈ ગઈ પણ કોઈ કર્મચારીઓ કે. બી. ડી.ઓ સાહેબ આવ્યા જ નહીં. છેવટે મેં અને ગ્રામ સેવકે શિબિરનું ઉદ્દઘાટન કર્યું. ખેતી અંગેનું પ્રદર્શન કર્યુ અને આખો દિવસ શિબિરનું સંચાલન મેં તથા ગ્રામસેવકે કર્યું. હું બોલતાં થાકું તો ગ્રામસેવક શરૂ કરે.

શિબિરમાં મુખ્યત્વે ખેડૂત ભાઈ-બહેનો હતાં. તેથી આધુનિક ખેતી વિજ્ઞાન, સુધારેલ ઓજારોનો ઉપયોગ, ખાતર-દવાઓનો ઉપયોગ, ઢોર ઉછેર, તેના રોગો અને સ્વચ્છ કોઢ, જાપાની પદ્ધતિની ડાંગર રોપણી, શરીર આરોગ્ય, બાળઉછેર, ગૃહિણીની ફરજો, સ્વચ્છ પીવાનું પાણી અને સાદા આરોગ્યપ્રદ ખોરાકની ચર્ચાઓ કરી. મારી પાસે તે અંગેનું સંપૂર્ણ ભાથું હતું. લોકભારતીમાં આ બધા જ વિષયો માટે અમને તૈયાર કરવામાં આવ્યાં હતાં. ત્યાં પ્રથમ વર્ષમાં હતાં ત્યારે એકી વખતે ૧૮ પેપરોની પરીક્ષા આપી હતી. ત્યારે થતું કે આટલા બધા વિષયો ! વિજ્ઞાનના અને કોમર્સના તથા ખેતી, ગોપાલન અને સાહિત્યના તમામ વિષયોનું એકીસાથે શિક્ષણ આપતી આ કૉલેજ કેવી !?

પરંતુ તે વિષયો મને આ નોકરીમાં ખૂબ ઉપયોગી થયા. જો માત્ર હું સાહિત્યના વિષયો જ ભણી હોત તો આ શિબિર સરળતાથી અને સફળતાથી ચલાવી શકી ન હોત. રાત્રે ગામની બાળાઓ અને યુવકો સાથે રાસગરબા તેમજ મનોરંજન કાર્યક્રમ પણ ગોઠવ્યો.

બીજે દિવસે પણ કોઈ જ આવ્યું નહીં. મેં ફરીથી આખો દિવસ શિબિર ચલાવ્યો. લોકોને બે દિવસ સુધી સતત આપી શકું તેટલું સામાન્ય જ્ઞાન મારી પાસે હતું.

સમાજ કલ્યાણ ખાતા તરફથી આદિવાસીઓને ધંધા-રોજગાર માટેનાં સાધનો ખરીદવા લોન, સબસીડીની રકમ મળતી હતી. રોકડાં નાણાં આપીએ તો કદાચ તેનો ગેર-ઉપયોગ પણ થાય. તેથી મેં તેવા ઇસમોને બધાને સાથે સુરત લઈ જઈ રૂબરૂ સસ્તાં અને સારાં સાધનો ખરીદી આપ્યાં જેથી તેઓને છેતરાવાનો ભય પણ રહે નહીં. ત્યાર બાદ લોનના હપ્તા નિયમિત ભરાય તેની કાળજી લીધી. તે વખતે આદિવાસીઓમાં એવી ભાવના હતી કે સરકારી લોનના પૈસા

સમયસર ભરી દેવા જોઈએ. દેવાદાર થવું નહીં. અને તેથી નિયમિત તેઓની લોનના હપ્તા આવી જતા.

આજે તો સારા સારા લોકો પણ સરકારની યોજના હેઠળ એક યા બીજા બહાને લોન મેળવે છે, તેનો જે તે હેતુ માટે યા બીજા બહાને લોન મેળવે છે, તેનો જે તે હેતુ માટે ઘણી વાર ઉપયોગ પણ થતો નથી અને ગરીબ અભણ જનતાનું માનસ એવું થઈ ગયું છે કે એ ક્યાં પરત આપવાનું છે ? પૈસા મળે તેમાં કોઈકનો ભાગ પણ ખરો. એ મંજૂર કરાવી આપે અને પૈસા મંજૂર થાય. મંજૂર કરનારને કોઈ વાર આની જાણ પણ ન હોય.

વ્યારા તાલુકાનાં કેટલાંક આદિવાસીઓ ખ્રિસ્તીધર્મ પાળે છે. આવાં ગામોમાં દેવળો પણ છે. તેવાં ગામોમાં કામ કરવાનું મને સહેલું પડતું; કારણ તેમનામાં મિશનરીની ભાવના ઉપરાંત સામૂહિક ભાવના પણ સારી હોય છે. તેનાથી યોજનાઓના અમલમાં મને ખૂબ સહકાર મળતો અને સરળતા રહેતી. એવાં બે ગામો સાથે હું વધારે સંપર્કમાં આવી હતી. 'ચાંપાવાડી' અને 'સદડવાણ'. બંને ગામોમાં સારાં મહિલામંડળો અને ભજનમંડળો હતાં. તેમજ યુવકપ્રવૃત્તિ પણ ચાલતી હતી. બંને ગામોમાં બાલમંદિર પણ મેં શરૂ કર્યાં હતાં. આ ગામોમાં સહકારી યોજનાઓમાં અમલ સારો અને લોકવિશ્વાસ કેળવાય તે હેતુથી હું રવિવારે તેમનાં દેવળોમાં પ્રાર્થના સમયે જતી. તેમની સાથે પ્રાર્થનામાં બેસું અને પ્રાર્થના પૂરી થયા બાદ મારી વાતો અને કાર્યક્રમ સમજાવું. મને કોઈ ધર્મ પ્રત્યે નફરત નથી. સેવાગ્રામમાં સર્વધર્મની હિન્દુ, બૌદ્ધ, ખ્રિસ્તી અને ઈસ્લામી ધર્મની પ્રાર્થનાઓ શીખી છું. સૃષ્ટિનો સર્જનહાર તો એક જ છે. ગમે તે રસ્તે, ગમે તે ધર્મના સ્થળે બેસીને તેને યાદ કરી શકાય. એટલે મને ખ્રિસ્તી દેવળમાં જવાનો કોઈ જ વાંધો ન હતો.

## ગ્રામવિદ્યાપીઠની સ્થાપનાની કામગીરી...ને છેવટે એમ.એ. માટે –

એ અરસામાં પૂ. જુગતરામકાકાએ મને લોન સર્વિસ ઉપર વિદ્યાપીઠમાં લઈ જવાનું નક્કી કર્યું. મેં સંમતિ આપી. આદિવાસી વિસ્તારનાં બાળકોને ઉચ્ચ શિક્ષણ લેવા લોકભારતી કે ગુજરાત વિદ્યાપીઠમાં જવું પડતું. તેને બદલે આ વિસ્તારમાં પણ લોકભારતી જેવી ઉચ્ચ શિક્ષણની સંસ્થા થાય તો તે ગૌરવની વાત હતી. તેમાં જે રીતે અને જે કાંઈ મદદ થાય તે કરવાની મારી ઇચ્છા પણ હતી. મને કહેવામાં આવ્યું કે પગાર અમે આપીએ તેટલો લેવાનો. લોન સર્વિસ મંજૂર થાય ત્યાં સુધી રજા લઈને આવ ને કામ શરૂ કરી દે. વડીલોની સૂચનનો અમલ કર્યો. પગાર જે આપે તે લેવાની હા પાડી. (સરકારી ખાતામાં મળે છે તેના કરતાં ઓછો લેવાનો હતો.) રજા લીધી અને વેડછી પહોંચી ગઈ. શરૂઆતના ૧૫ દિવસ અખિલ ભારતીય શાંતિસેના શિબિર કે જે મુ. શ્રી નારાયણભાઈ દેસાઈ તરફથી યોજવામાં આવેલ તેના રસોડાનું સંચાલન કર્યું. તે પૂરું થતાં વિદ્યાપીઠમાં ભણવા આવનાર વિદ્યાર્થીઓ માટે અને વિદ્યાપીઠ માટેની પૂર્વતૈયારીઓ શરૂ કરી. હું એકલી જ હતી. સંસ્થા શરૂ થઈ નહોતી તેથી અન્ય કાર્યકર્તાઓ નિમાયા હતા.

વિદ્યાર્થીઓ માટે અનાજ ભરવાની કોઠીઓ ખરીદવી, વાસણો ખરીદવાં, વર્ષ માટે ૬૦ વિદ્યાર્થીઓને ચાલે તેટલું અનાજ, કઠોળ, તેલ, મરી-મસાલાની અને અન્ય જરૂરી માલસામાન, લાકડાં-કોલસાની ખરીદી પણ કરી આપવાની હતી. વિદ્યાપીઠની આ તૈયારી માટે પૈસા નહોતા. બધું જ ઉધાર લાવવાનું. મેં એક મહિના સુધી વ્યારા, મઢી, નવસારી વગેરે ઠેકાણે જઈને વાસણો, પીપો, અનાજ સહિત સંપૂર્ણ માલસામાન ઉધાર ખરીદી લીધો અને વિદ્યાર્થીઓના આવતાં પહેલાં વ્યવસ્થા પૂર્ણ કરી.

ઇન્ટરવ્યૂ લેવાયા. ૩૦ બહેનો, ૩૦ ભાઈઓ દાખલ થયાં. મકાનો હતાં નહીં. વર્ગો અને રસોડું સહકારી મંડળીના નાના કાચા મકાનમાં શરૂ કર્યાં. રહેવા માટે વેડછી આશ્રમના બે ઓરડા કાઢી આપ્યા. હું બહેનો સાથે તેમાં જ રહેતી. આમ ત્રણ માસ પૂરા થયા અને એક દિવસ વિદ્યાપીઠના એક આગેવાન આવ્યા. મને બોલાવીને કહે, ‘‘જમુ, તું એમ.એ. નથી એટલે તારા ખાતામાં પાછી જા. અમારે તો બધા કાર્યકર્તા એમ.એ. જોઈએ. તારી લોન સર્વિસ પણ મંજૂર થઈ નથી.’ મેં કહ્યું, ‘‘પણ લોન સર્વિસ મંજૂર ના થાય તો હું રાજીનામું આપું.’’ તેઓ કહે, ‘‘ના. અમારે ગૃહમાતા પણ એમ.એ. જોઈએ. કાલે તને કાઢી મૂકીએ તો તું શું કરીશ ?’’ મને સમજાયું નહીં, પરંતુ તેમની આજ્ઞા હતી. હું પરત મારી નોકરી ઉપર હાજર થઈ ગઈ.

મેં કહ્યું, ''આ બાબત સંસ્થાએ પહેલેથી વિચારવાની જરૂર હતી.'' મારી પાસે મારી રજાઓનો ઉપયોગ કરાવીને સંપૂર્ણ કામગીરી કરાવી લીધી. આ બધી તૈયારીમાં એમ.એ. ની ડિગ્રીની જરૂરત ન પડી અને આજે ૩ માસ પછી તેની જરૂરત ઊભી થઈ ? આજે મને તમે ડિગ્રી વગરની કહી. કાલે ઊઠીને આ સંસ્થામાં તૈયાર થનાર તમારા વિદ્યાર્થીઓને પણ આવું સહન કરવું પડશે, તો એ ક્યાં જશે ?''

વિદ્યાપીઠ છોડ્યા પછી મેં એમ.એ કરવાના પ્રયત્નો શરૂ કર્યા. ક્યાં કરી શકાય ? કેવી રીતે કરી શકાય ? નોકરી છોડીને ભણવાનું શક્ય ન હતું. ગુજરાત યુનિવર્સિટી લોકભારતીના વિદ્યાર્થીઓને પ્રવેશ આપતી નહોતી. વડોદરા યુનિવર્સિટીમાં એમ. એસ. ડબલ્યૂ. કરવાનો વિચાર કર્યો, પરંતુ તેમણે પણ લોકભારતીના સ્નાતકોને પ્રવેશ આપવાની ના પાડી. કર્વે યુનિવર્સિટીએ પણ પ્રવેશ આપ્યો નહીં. હું હતાશ થઈ. ગુજરાત વિદ્યાપીઠમાં પ્રવેશ મળે, પરંતુ ત્યાં જવું નહોતું. બધેથી હતાશા-નિરાશા સાંપડી. પણ પ્રયત્નો ચાલુ રાખ્યા અને રસ્તો કાઢયો. સૌરાષ્ટ્ર યુનિ.માં પ્રવેશની મંજૂરી મળી. વળી પાર્ટટાઈમ વર્ગો. શનિ, રવિ જ વર્ગો ચાલે. મને સરળતા થઈ ગઈ. હવે પ્રશ્ન હતો, ત્યાં જવું કેવી રીતે ? જો એ વિસ્તારમાં જ નોકરીનું ગોઠવાય તો વધુ સરળતા થાય. તેનો પણ કુદરતે રસ્તો શોધી આપ્યો. એ જ વખતે આદિવાસી ઘટકોમાંથી, મુખ્ય સેવિકાની જગ્યાઓ બંધ કરવાનો અને પોષક આહાર યોજનામાં મુખ્ય સેવિકાની નવી જગ્યાઓ ઊભી કરવાનો સરકારે નિર્ણય લીધો, જેથી મારી વ્યારાની જગ્યા બંધ થઈ હતી, એટલું જ નહીં પણ ગુજરાતમાં કુલ સાત જ નવી જગ્યાઓ ઊભી કરી હતી. તેથી તેમાં જવા માટે અમારી પાસે સંમતિ માગી. જો તેમાં ના જવું હોય તો કુટુંબ નિયોજનમાં અથવા તો કારકુનમાં સમાવા જણાવ્યું. આ સાત જગ્યાઓ પૈકી જામનગર પણ એક જગ્યા હતી. મેં જામનગર જવાની સંમતિ આપી દીધી. માર્ચ '૬૯માં જામનગર બદલીનો હુકમ મળ્યો. વિદ્યાપીઠમાં તે જ આગેવાન ફરી મળ્યા અને મને જામનગર ન જવા કહ્યું, ''પણ હું એમ.એ. નથી તેથી તમે મને વિદ્યાપીઠમાંથી કાઢી મૂકી હતી. એટલે હવે મારે એમ.એ. થવું છે. તે જામનગર જ શક્ય છે. મારે જવું જ છે.''

મેં જામનગર કૉલેજમાં ઊઘડતા સત્રમાં એડમિશન મેળવી લીધું. ખાતાની પરવાનગી પણ ચાલુ નોકરીએ એમ.એ. કરવા માટેની મેળવી લીધી. નોકરી તેમજ ફરજને બાધ ના આવે તેની કાળજી સાથે એમ. એ. પાસ કર્યું. ત્યાર બાદ મને વેડછી ગાંધી વિદ્યાપીઠમાં ફરીથી આવવાનું જણાવ્યું. મેં સ્પષ્ટ ના પાડી કે ''એમ. એ. મેં વિદ્યાપીઠમાં ફરીથી આવવા માટે કર્યું નથી; પરંતુ મારું મહેણું ટાળવા માટે અને મારી પોતાની પ્રગતિ માટે કર્યું છે."

## સૌરાષ્ટ્રમાં કામગીરીના વિવિધ અનુભવો

જામનગર ૧૯૬૯થી ૧૯૭૨ સુધી નોકરી કરી. આમ તો સૌરાષ્ટ્રના રૂઢિચુસ્ત સંકુચિત-સામાજિક રિવાજોથી હું જાણકાર હતી. લોકભારતીના અભ્યાસકાળ દરમ્યાન તેના અનુભવો થયા હતા; પણ હું ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ ગોઢવાઈ જવાને ટેવાયેલી છું. તેથી અહીંના સમાજમાં પણ મુશ્કેલી પડે તેમ ન હતું. કામ કરવાની માનસિક તૈયારી સાથે જ ગઈ હતી. જામનગર સુંદર શહેર-ગુજરાતનું પેરિસ ગણાય. શહેરમાં રહેવાનો, શહેરી જીવનનો આ પ્રથમ અનુભવ હતો. કામ તો ગ્રામ વિસ્તારમાં જ કરવાનું હતું; પરંતુ મુશ્કેલીમાં પણ રસ્તો શોધીને કામ કરવાની ટેવને કારણે ત્યાંના સમાજમાં પણ હું સરસ ગોઠવાઈ ગઈ.

સણોસરા ભણતી ત્યારે સમજાયું હતું કે અહીંનો સમાજ ઘણો સંકુચિત. સ્ત્રીઓને ઓઝલ પડદામાં રહેવાનું, લાજ કાઢવાની. સુરત જિલ્લાના આદિવાસી સ્ત્રી સમાજમાં સ્ત્રીઓને જે સ્વતંત્રતા છે તે અહીં નથી. અહીં તો સ્ત્રીઓથી ઘરની બહાર પણ નીકળી શકાય નહીં.

૧૯૭૦-૭૧માં કુટુંબ નિયોજનની ઝુંબેશ ચાલે. કચેરીમાં આ કામગીરી મારી પાસે હતી.. સૌરાષ્ટ્રના સમાજમાં જાહેરમાં આ કામને આવકાર ઓછો મળે. જોકે એ વખતે મને તે ફાવતું પણ નહીં. પરંતુ આ તો ઝુંબેશ. બધાએ કરવાનું જ. ખાસ કરીને પુરુષવર્ગ, રાતે ઓપરેશન માટે તૈયાર થાય. રાતના ૧૨-૦૦ વાગે પછી તેઓને લઈ આવીને હૉસ્પિટલમાં ઓપરેશન કરાવીને ઘરે પહોંચતા કરી દેવાના. મોટે ભાગે પુરુષ કર્મચારીઓને એ કામ ફાવે તે હું કરતી નહીં.

એક દિવસ હું પોષક આહાર યોજના અંગેનું ખાતર ગામે પહોંચાડવા ગઈ. ત્યાં આરોગ્ય ખાતાનાં ફિલ્ડવર્કર સ્ત્રી કર્મચારી મળી ગયાં. તેમણે ડ્રાઇવરને કહ્યું, 'બાજુના ગામે પાંચ પુરુષો તૈયાર છે, ચાલો લેવા જઈએ.'' મેં ના પાડી. પરંતુ ડ્રાઈવરે મારું માન્યું નહીં અને ગાડી ત્યાં લઈ ગયાં. મેં ખૂબ કાલાવાલા કર્યા કે મારે એ ગામે આવવું નથી. સાંજના પાંચ તો વાગી ગયા છે. મને રોડ ઉપર છોડી દો, હું બસમાં જામનગર જઈશ. પણ ડ્રાઈવર માને જ નહીં. સાંજનો સમય. એકલી બે બહેનો. દરબારોનું ગામ. દારૂ પણ ઠીકઠીક પ્રમાણમાં પિવાય. જીપને તે ગામે જબરદસ્તીથી લઈ ગયા. મારે બેસી રહેવા સિવાય છૂટકો ન હતો. જીપ ચલાવતાં આવડે નહીં કે લઈને ભાગી આવું. રોડ સુધી ચાલતાં પણ આવી શકાય નહીં કે બસમાં જઈ શકું. સાંજના પાંચ વાગ્યાથી રાતના ૧૦-૩૦ વાગ્યા. અમે ગામ બહાર જીપમાં બેઠાં હતાં. ધીરે ધીરે અંધારું થઈ ગયું. મને ખૂબ બીક લાગે. દરબારોનું દારૂડિયું ગામ, અજાણ્યો પ્રદેશ, કોઈ ઓળખે નહીં, રસ્તો જોયો ન હતો. ઓપરેશન કરાવનારા હમણાં આવે છે કરતાં કરતાં રાત્રિના ૧૦-૩૦ થયા. કોઈ આવ્યા નહીં. છેવટે ખાલી જીપ

લઈ અમે પાછાં ગયાં. રસ્તામાં ધ્રાંગડા ગામે શિક્ષક કહે, ‘‘બે કેસ છે, ચાલો.’’ રાત્રે તેમને તૈયાર કરતાં પહોંચી. ત્યારે ૧૨-૦૦ વાગ્યા અને હૉસ્પિટલમાં અલિયાબાડા પહોંચી તેમના ઓપરેશન કરતાં ૧-૦૦ વાગ્યો. હું ભૂખી અને થાકેલી હતી. ઉપરાંત ડ્રાઈવરે મારું માન્યું નહીં ને મને માનસિક ત્રાસ આપ્યો હતો. જામનગર સાહેબને ખબર પહોંચાડી. છ વાગ્યા સુધીમાં પાછા આવી જવાનું કહીને હું એકલી નીકળી હતી તેથી મોડી રાત સુધી તેમણે પણ ખૂબ ચિંતા કરી. અલિયાબાડા ઓપરેશન થયા પછી પણ પેલા પુરુષોને પહેલાં પહોંચાડીને જવાનું છે એવું ડ્રાઈવરે કહ્યું. મેં ડૉક્ટરને કહ્યું, ‘સાહેબ, મને જામનગર પહેલાં મૂકી આવો.’ છેવટે મને રાત્રે ૧-૩૦ વાગે ડ્રાઈવરે જામનગર પહોંચાડી. સાહેબ ખિજાશે તેમ સમજીને મને ક્વાર્ટરથી દૂર ઉતારી દીધી. મેં કહ્યું, ‘‘હું સાહેબને બધી વાત કરી દઈશ. મને મારા ઘર સુધી મૂકી જાઓ. સાથે બીજા વિસ્તરણ અધિકારીને લઈ જાઓ.’’ પરંતુ ડ્રાઈવરે માન્યું નહીં. પહોંચતાં જ મેં બાજુમાં રહેતા કર્મચારીઓને ઉઠાડ્યા અને હું રડી પડી. બધી વાત કરી. ત્યાર પછી મને કુટુંબ નિયોજનની કામગીરીમાંથી મુક્ત કરી. સદ્દભાગ્યે હું સહી સલામત પાછી ફરી હતી. તે દિવસે હું સહી સલામત પાછી ફરીશ કે કેમ, તેની મને શંકા હતી.

## મહિલા તાલીમ અધિકારી તરીકે

મહિલા તાલીમ અધિકારી તરીકેની નિમણૂંક મને નવસારી ખાતેના ખેડૂત તાલીમ કેન્દ્રમાં મળી હતી. ખેતીવાડી ખાતા તરફથી આ કેન્દ્ર ચાલતું હતું જેમાં ખેડૂત ભાઈ-બહેનોને ખાસ કરીને વધુ ઉત્પાદન આપતી સંકર જાતોની અને હાઈબ્રીડ જાતોની ખેતીની તાલીમ આપવાની હતી. સાથે સાથે બહેનોને ખેત ઉત્પાદનમાં તેમનો ફાળો અને ખેતીમાંથી ઉત્પન્ન થતાં શાકભાજી, ફળફળાદિ, અનાજ, કઠોળનો સુવ્યવસ્થિત ઉપયોગ અને સંગ્રહ કરીને, બગાડ થતો અટકાવીને ખેતી ઉત્પાદનમાં ફાળો કેવી રીતે આપી શકાય, તે તથા ખેતી પદ્ધતિઓની અને પશુપાલન તેમજ સામાન્ય દૈનિક ઉપયોગી એવા ગૃહ વિજ્ઞાનની તાલીમ આપવાની હતી.

હું કમ્પોસ્ટ ખાતરની પદ્ધતિ કે દુધાળાં ઢોરનાં ઉછેર વિષે બીજા ખેતીવાડી ગ્રેજ્યુએટ અધિકારીઓ કરતાં સરળતાથી સમજાવી શકતી, કારણ હું તે ગુજરાતી ભાષામાં ભણી હતી. તેથી લોકોને સમજાય તેવી સરળ ભાષા મારી પાસે હતી. જ્યારે અન્ય અધિકારીઓ પાસે અંગ્રેજી ભાષાના શબ્દો હતા જે ગામડાંના લોકોને માટે અઘરા પડતા. ઘણી વાર ગામડામાં વપરાતા તળપદી ભાષાના શબ્દોનો ઉપયોગ અમે કરતાં તેને કારણે બહેનો સરકારે આપેલ લક્ષ્યાંક કરતાં વધુ પ્રમાણમાં આવતી.

તાલીમ કેન્દ્રમાં હું હાજર થઈ ત્યારે આવા વર્ગોમાં શરૂઆતમાં દૂરની પછાત આદિવાસી ખેડૂત બહેનોને બોલાવવામાં આવતી નહીં. તાલીમ કેન્દ્ર આખા જિલ્લાના દરેક ખેડૂત ભાઈઓ-બહેનો માટેનું છે. તેમાં નજીકના નવસારી, ગણદેવી તાલુકાનાં જ ઉજળિયાત ખેડૂત ભાઈબહેનોને જ બોલાવવાં તે અન્યાય હતો. તેની સામે પણ મારે શરૂઆતમાં થોડીક લડત આપવી પડી.

પ્રથમના બે વર્ગોમાં જે બહેનો તાલીમ લેવા આવી તે નવસારી તાલુકાનાં નજીકનાં ગામોની અને મોટે ભાગે દેસાઈ બહેનો જ હતી. ઉપરાંત ખેતીવાડી ખાતામાં અને કૉલેજ ઉપર નોકરી કરતા કર્મચારીઓની પત્નીઓ પણ હતી. ખરેખર તેઓને તાલીમમાં બોલાવાય નહીં. એનાં બે કારણો હતાં. એક તો રોજના ૫ રૂપિયા તેમને ભથ્થું મળતું. તેઓ નજીકની હોય એટલે કેન્દ્ર ઉપર રોકાવું પડે નહીં. ઘરેથી આવી શકે અને ભથ્થું બચત રહે. બીજું, તેઓને ઘરમાં કે ખેતરમાં કશું જ પોતે કામ કરવું પડે નહીં. આખો દિવસ બેસી જ રહેવાનું.

આમ પાંચ દિવસ પણ તાલીમને બહાને ફરાય, જાણવાનું મળે અને ઉપરથી રૂ. ૨૫ ભથ્થું મળે. બેવડો લાભ. આથી ખૂબ મોટી સંખ્યામાં બહેનો આવવા લાગી. તેથી બીજા કોઈ તાલુકાની બહેનોને બોલાવવામાં આવે નહીં. મેં એનો વાંધો લીધો. તાલીમ કેન્દ્ર આખા જિલ્લાની તમામ

વર્ગની ખેડૂત બહેનો માટે છે. અને જેઓ પોતે સીધાં ખેતીકામ કરે છે તેવી બહેનોને આનો વધુ લાભ મળવો જોઈએ, જેથી અન્ય તાલુકાની ખાસ કરીને પછાત છે તેવા પારડી, ઉમરગામ, વાંસદા, ધરમપુર, ચીખલી તાલુકાની બહેનોને પણ બોલાવવી જોઈએ તેવો આગ્રહ કર્યો.

અન્ય અધિકારીઓનું કહેવું હતું કે પછાત તાલુકાની અને દૂરની બહેનો આવશે જ નહીં. વળી અભણ આદિવાસીઓને આમાં સમજ પણ શું પડે ? તેઓ તો મજૂરી કરી જાણે. મેં કહ્યું, ‘‘આ અન્યાય કહેવાય. પછાત બહેનોને તો પ્રથમ લાભ મળવો જોઈએ. તાલીમ એવા માટે છે જે જાણતાં નથી. અને ખરેખર તો જે જાતે પ્રત્યક્ષ કામ કરે છે. આ દેસાઈ અને ઉજળિયાત બહેનો તો માત્ર ઘરમાં બેસી જ રહે છે. તેમને શું ઉપયોગી થશે ? જે પ્રત્યક્ષ ખેતીમાં પોતાનો ફાળો આપે છે તેમને જ આ ઉપયોગી થશે. સરકારનો હેતુ પણ આ જ છે.’’

પ્રયોગરૂપે એક વર્ગમાં વાંસદા-ધરમપુરની બહેનોને બોલાવવાનું નક્કી થયું. ૨૫ને બદલે ૪૦ બહેનો આવી. પાંચ દિવસ તાલીમ કેન્દ્ર ઉપર રહી. ભથ્થું તો દૈનિક રૂ. ૫ મળે. ભોજનખર્ચ તેમાંથી નીકળે નહીં, પણ તે બધી લોટ, દાળ, ચોખા, મીઠું, મરચું, મસાલા સાથે લઈને આવી હતી. વાસણો વગેરેની સગવડ સંસ્થામાં હતી. જાતે રસોઈ બનાવીને જમી લેતી. આ બહેનોએ ખૂબ રસપૂર્વક તાલીમ લીધી. કેટલીક બહેનો તો પ્રથમવાર જ ટ્રેનમાં બેઠી હતી. શહેર જોયું ન હતું. ગુજરાતી ભાષા પૂરતી સમજે નહીં છતાં શીખવાના પ્રયત્નો કરે.

## તાલુકા વિકાસ અધિકારી તરીકે બઢતી

માહે જુલાઈ ૧૯૭૭ મને વર્ગ ૨ ગેઝેટેડ અધિકારીનું પ્રમોશન મળતાં એ જ જંગલ વિસ્તાર ધરમપુર તાલુકામાં આંબા જંગલ ઘટકમાં મારી વિકાસ ઘટક અધિકારી તરીકે નિમણૂક થઈ.

કદાચ ધરમપુર અતિ પછાત. મારી દૃષ્ટિએ ડાંગ કરતાં પણ પછાત તાલુકો, જ્યાં મને ૧૯૬૩માં સરકારી ખાતામાં સ્ત્રી સમાજશિક્ષા અધિકારીની જગ્યા ઉપર નિમણૂક આપી હતી. ફરીથી પ્રમોશન મળતાં મને ત્યાં જ મૂકી. કુદરતી અકસ્માત ગણો કે ભાવિ જીવનનો સંકેત, પરંતુ, એ વિસ્તારના લોકો અને ભૂમિ સાથે મને પ્રીત બંધાઈ ગઈ હતી તેથી કદાચ ફરીથી પણ એ જ પ્રદેશમાં જવાનું થયું.

**(આ વિસ્તારના અનુભવો આ પુસ્તકના બીજા ભાગમાં વાંચશો)**